સુવિચાર

''આત્મવિશ્વાસ ગુમાવ્યા પછી વ્યકિત પાસે બીજું કશું જ ગુમાવવા જેવું રહેતું નથી.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૧૦/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો સુદ-૭ વર્ષ : ૧૭ અંક : ૨૫૮




## કાળઝાળ મોંઘવારી વચ્ચે અમરેલી, સાવરકુંડલા, કુંકાવાવ, ધારી અને રાજુલા ખાતે

# ગુડ ન્યુઝ : રૂપિયા ૫ માં શ્રમિકોને પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ

રાજયમંત્રી કૌશિક વેકરિયાએ અન્નપૂર્ણા બુથનો પ્રારંભ કરાવ્યો

રૂપિયા ૫ માં રોટલી, શાક, કઠોળ, ભાત, અને અથાણુ અપાશે

આ યોજનાનો લાભ ઈ-નિર્માણ પોર્ટલ પર નોંધાયેલ બાંધકામ શ્રમિકો લાભ લઈ શકશે

શ્રમિકો ભોજન કેન્દ્ર પર બેસીને જમવા ઉપરાંત ટિફિનમાં ઘરે લઈ જઈ શકશે



અમરેલી, તા. ૧૬

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા સંચાલિત શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત અમરેલી શહેરમાં નાગનાથ મંદિર ખાતે કડિયા નાકા પાસે શરૂ કરવામાં આવેલા શ્રમિક અન્નપૂર્ણા બૂથનું રાજયના ઊર્જા અને કાયદા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ પોતાના હાથે શ્રમિકોને ભોજન પીરસીને બૂથનો પ્રારંભ કરાવ્યો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

## શૌચક્રિયા માટે દરિયાકાંઠે તરૂણી પહોંચી હતી

# રાજુલાનાં ખેરા ગામે દરિયાકાંઠે સર્જાયેલી દુર્ઘટનામાં ૧૬ થી ૧૭ વર્ષની તરૂણીનું પાણીમાં ડૂબી જવાથી મોત

### સ્થાનિક તરવૈયાઓએ હોડીની મદદથી મૃતદેહને બહાર કાઢયો

અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાના ખેરા ગામે દરિયાકાંઠે એક દુર્ઘટના સર્જાતાં એક સગીરાનું દરિયામાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજયું હતું. દરિયાની ભેખડ નજીક શૌચક્રિયા માટે ગયેલી અંદાજિત ૧૬થી ૧૭ વર્ષની એક તરૂણી દરિયાના પાણીમાં ગરકાવ થઈ જતાં મોતને ભેટી હતી. ઘટનાને પગલે સ્થાનિક તંત્ર અને પોલીસ વિભાગની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી.



આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુલા તાલુકાના ખેરા ગામે દરિયાની ભેખડ નજીક આજે વ્હેલી સવારે શૌચક્રિયા માટે ગયેલી સેતુબેન શિયાળ અચાનક દરિયાના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. આ દુર્ઘટનાની જાણ થતાં તાલુકા વિકાસ અધિકારી, મામલતદારની ટીમ તેમજ પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

દરમિયાન સગીરાનો મૃતદેહ દરિયાના પાણીમાં ઉપર આવતાં સ્થાનિક તરવૈયાઓએ હોડીની મદદ લઈ અને મૃતદેહને પાણીમાંથી બહાર કાઢયો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજુલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

ખેરા ગામના દરિયાકાંઠે બનેલી આ દુર્ઘટનાથી સ્થાનિક પંથકમાં શોકની લાગણી પ્રસરી હતી. સગીરાના અકાળે મોતથી પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડયો છે.

## આરબીઆઈનાં અધિકારીની સુચના મળતા અરે વાહ : બાબરા નાગરિક બેન્ક દ્વારા અનકલેઈમડ દાગીનાં માલિકને પરત કરાયા

### ચેરમેન હસમુખભાઈ પોપટ અને સ્ટાફની ઉમદા કામગીરી

બાબરા, તા. ૧૬

નાગરિક સહકારી બેંક લી., બાબરાનું તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા હાથ ધરાયેલ ઈન્સ્પેકશન દરમ્યાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનાં ઓફીસરોએ નાગરિક સહ. બેંક લી., નાં ચેરમેન હસમુખભાઈ એન. પોપટનું ધ્યાન દોરી જણાવેલ કે, ઘણાં વર્ષોથી બેંકની કસ્ટડીમાં રહેલ અનકલેઈમડ સોનાનાં દાગીનાં જે તે યોગ્ય માલિકોને સુપ્રત કરી આપવા જોઈએ અને આના માટે પ્રયાસો કરવા જણાવેલ. જ બાબત ચેરમેન દ્વારા ધ્યાને લઈ બેંકમાંથી ધીરાણ મેળવ્યા બાદ અવસાન પામેલ મરહુમ સલીમભાઈ રેમાનભાઈ મેતર દ્વારા દર્શાવેલ વારસદારનો સંપર્ક કરવા માટે રફીકભાઈ રેમાનભાઈ મેતર (સુફી)નો સંપર્ક કરતા તેઓના સહકારથી છેલ્લા ૧૮ વર્ષથી બેંકમાં

અનુસંધાન પાના ૬ ઉપર












# અમરેલીમાં હિન્દુ સંમેલન સમિતિ દ્વારા કેસરી વિજય ચોક અને વિજયસ્થંભ પર કેસરી ધ્વજનું ધ્વજારોહણ કરાયુ











અમરેલી ના ચિતલ રોડ પર હિન્દુ સંમેલન સમિતી દ્વારા નૂતન સ્કૂલ ના ખૂણે કેસરી વિજય ચોક અને વિજયસ્થંભ પર કેસરી (ભગવા) ધ્વજનું ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલસ મંત્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ સાંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા તેમજ અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ઉપપ્રમુખ વીરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, દંડક દિલાભાઈ વાળા સહિત તમામ વોર્ડ વિસ્તારના નગરસેવકો, ભાઈઓ–બહેનો જોડાયા હતા. આ ઉપરાંત ધર્મસત્તાના વિ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ સહિત ઉપાધ્યક્ષ રવિરાજભાઈ શેખવા, સંગઠન મંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી, પી.કે. ત્રિવેદી, નગર મંત્રી પંકજ કાનાણી સહિત દુર્ગાવાહીની તેમજ માતૃશકિતના બહેનો જોડાયા હતા. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ડો. જી.જે. ગજેરા સહિત પ્રાંત મંત્રી મજબૂતભાઈ બસિયા, મજદૂર સંઘના અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી સહિત એએચપીના બજરંગ દળ અધ્યક્ષ ડી.ભાઈ બામટા સહિત અમરેલીના વેપારી અગ્રણીઓ અને દરેક હિન્દુ સમાજના શ્રેષ્ઠીઓ આ ક્ષણના સાક્ષી બન્યા હતા. કેસરી ધ્વજ એ સનાતન સંસ્કૃતિ, શૌર્ય, બલિદાન અને સમર્પણ ભાવ સાથે પવિત્રતા અને એકતાનું પ્રતિક છે. અહીંથી નીકળતા એને નિહાળતા લોકો માટે એટલો સંદેશ આપશે કે આપણે નાત, જાતના વાડા મૂકી અને બસ માત્ર હિન્દુ થઈને રહીએ એ હેતુ માટે આની સ્થાપના કરાઈ છે અને ચિતલ રોડ હિન્દુ સંમેલન સમિતી દ્વારા ઉપસ્થિત રાજસતા અને ધર્મસત્તાના મહાનુભાવોને અનુરોધ કરાયો કે આવા વિજયસ્થંભ કેસરી (ભગવા) ધ્વજ અમરેલીના દરેક વોર્ડ વિસ્તારમાં ઊભા કરવામાં આવે.

### ક્રાંકચ, પાંચતલાવડા, વંડા અને વીજપડી સહિતનાં ગામોમાં પશુ આરોગ્ય સેવાઓને મળશે વેગ

## સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાં પશુ દવાખાનાંનાં કામો માટે રૂા. ૪.૧૯ કરોડની મંજૂરી

### મુખ્યમંત્રી, કૃષિ મંત્રીનો ધારાસભ્ય કસવાલાએ આભાર માન્યો




સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલન વ્યવસાયને વધુ સુદઢ બનાવવા અને પશુપાલકોને પશુઓની સારવાર માટે સ્થાનિક સ્તરે સુવિધા મળી રહે તેવા હેતુથી પશુ દવાખાનાંનાં બાંધકામ માટે કુલ રૂ. ૪.૧૯ કરોડનાં કામોને મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરીથી વિસ્તારના પશુપાલકોનેપશુ આરોગ્ય સેવાઓની વધુ સારી સુવિધા ઉપલબ્ધ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના અનેક ગામોમાં પશુપાલન ગ્રામ્ય અર્થતંત્રનો મહવનો હિસ્સો છે. ખેડૂતો અને પશુપાલકો ગાય, ભેંસ સહિતનાં પશુઓના પાલન થકી પોતાની આજીવિકા ચલાવે છે. આવા સંજોગોમાં પશુઓને સમયસર સારવાર, રોગચાળાથી બચાવ અને પશુ આરોગ્યની જરૂરી સુવિધાઓ ગામની નજીક જ ઉપલબ્ધ થાય તે અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પશુ દવાખાનાંનાં બાંધકામ માટે મંજૂરી મળવી વિસ્તારના પશુપાલકો માટે મહત્વપૂર્ણ બાબત ગણાય છે.

સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાં પશુ દવાખાનાંનાં બાંધકામ માટે ક્રાંકચ ૧.૧૧ કરોડ, પાંચતલાવડા ૦.૮૬ લાખ, વંડા ૧.૧૧ કરોડ અને વીજપડી ૧.૧૧ કરોડ સહિતનાં ગામો માટે નાણાકીય મંજૂરી આપવામાં આવી છે. આ કામો પૂર્ણ થયા બાદ સ્થાનિક પશુપાલકોને પશુઓની સારવાર માટે દૂરનાં સ્થળોએ જવાની મુશ્કેલીમાં રાહત મળી શકે છે. સાથે જ પશુઓની સમયસર તપાસ, જરૂરી સારવાર અને પશુ આરોગ્યને લગતી સેવાઓ વધુ સુલભ બનશે.

પશુ દવાખાનાં જેવી પાયાની સુવિધાઓના વિકાસથી ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલન વ્યવસાયને પ્રોત્સાહન મળશે. પશુઓની યોગ્ય સારવાર ઉપલબ્ધ થવાથી પશુપાલકોને પશુઆરોગ્ય જાળવવામાં મદદ મળશે અને પશુધનના સંરક્ષણ માટે પણ આ સુવિધાઓ ઉપયોગી સાબિત થઈ શકે છે. આ વિકાસલક્ષી કામોને મંજૂરી આપવા બદલ ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાત સરકારના મંત્રી જીતુભાઈ વાઘાણીનો કસવાલાએ આભાર વ્યક્ત કર્યો હતો. કસવાલાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પશુપાલન ક્ષેત્રની સુવિધાઓમાં વધારો કરવો જરૂરી છે. પશુ દવાખાનાંનાં બાંધકામ માટે મળેલી મંજૂરીથી વિસ્તારના પશુપાલકોને લાભ મળશે અને પશુ આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મદદ મળશે.

કસવાલાએ વધુમાં આ આશા વ્યક્ત કરી હતી કે, મંજૂર થયેલાં કામો સમયસર પૂર્ણ થાય અને તેનો લાભ સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના પશુપાલકોને મળે. પશુ દવાખાનાંની સુવિધાઓ વિકસવાથી પશુપાલકોને પોતાના ગામની નજીક જ સારવારની સુવિધા મળવાની સાથે પશુધનની યોગ્ય સંભાળ રાખવામાં પણ સરળતા રહેશે. આમ, સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાં પશુ દવાખાનાંનાં બાંધકામ માટે રૂ. ૪.૧૯ કરોડની મંજૂરી મળવી પશુપાલન ક્ષેત્રના વિકાસની દિશામાં એક મહવપૂર્ણ પગલું છે. આ કામો સાકાર થતાં ગ્રામ્ય વિસ્તારોમાં પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધશે અને પશુપાલકોનેતેનો લાભ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બગસરા તાલુકામાં સમાવિષ્ટ કુલ ૯ સેજામાં મહેસૂલી તલાટીઓ હુકમ મુજબ ફરજરત રહેશે

અમરેલી, તા. ૧૬

બગસરાનાં મોટા મુંજીયાસર સેજામાં સમાવિષ્ટ ગામોનાં મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર મોટા મુંજીયાસર મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરાનાં શીલાણા સેજામાં સમાવિષ્ટ ગામોનાં મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર શીલાણા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી– બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરાના હડાળા સેજામાં સમાવિષ્ટ ગામોનાં મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર હડાળા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરાનાં હામાપુર સેજામાં સમાવિષ્ટ ગામોનાં મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર હામાપુર મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી– બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરાનાં માવજીંજવા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર માવજીંજવા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરા સિટી તલાટી સોમવારથી બુધવાર સિટી તલાટી કામગીરી કરશે, ગુરૂવારે મામલતદાર કચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સિટી તલાટી તરીકે કામગીરી કરશે.

બગસરાનાં માણેકવાડા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર માણેકવાડા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરાનાં શાપર સેજામાં સમાવિષ્ટ ગામોનાં મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર મોટા શાપર મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

બગસરાનાં મોટા મુંજીયાસર સેજામાં સમાવિષ્ટ ગામોનાં મહેસૂલી તલાટી સોમવારથી બુધવાર મોટા મુંજીયાસર મુકામે, ગુરૂવારે મામલતદારકચેરી–બગસરા, શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે તેમ બગસરા મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

## બાબરા તાલુકામાં સૌની યોજના અંતર્ગત રૂા. ૭૦ કરોડની ફાળવણી કરાઈ

### સમગ્ર પંથકનાં ખેડૂતો, પશુપાલકોમાં ખુશી



અમરેલી, તા. ૧૬

રાજય સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં સૌની યોજનાના વાલ્વ તથા પાઈપલાઈનના વિવિધ કામો માટે કુલ રૂ.૨૦૯ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરીમાં બાબરા તાલુકા માટે અંદાજીત રૂ.૭૦ કરોડની રકમના કામોને મંજૂરી આપવામાં આવતા બાબરા તાલુકાના પાણીના માળખાને વધુ મજબૂતી મળશે અને ખેડૂતો તથા ગ્રામજનો માટે પાણીની ઉપલબ્ધતા વધારવામાં મહત્વપૂર્ણ મદદરૂપ બનશે.

ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા બાબરા તાલુકાના વિવિધ ગામોમાં પાણીની સમસ્યાઓ, સિંચાઈની જરૂરિયાતો તથા સૌની યોજનાના લાભને વધુ વિસ્તૃત કરવા અંગે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી હતી. બાબરા તાલુકાના વિવિધ વિસ્તારોમાં પાણીની સુવિધા વધુ મજબૂત બને અને સૌની યોજનાનું પાણી અસરકારક રીતે પહોંચે તે માટે વાલ્વ તથા પાઈપલાઈનના જરૂરી કામોને ઝડપથી મંજૂરી મળે તે માટે ધારાસભ્યએ સતત પ્રયત્નો કર્યા હતા. આ સઘન પ્રયાસોના પરિણામે બાબરા તાલુકા માટે અંદાજીત રૂ.૭૦ કરોડના વિકાસલક્ષી કામોની મંજૂરી મળતા તાલુકાના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ઉમેરાયું છે. આ મંજૂરીથી સૌની યોજનાના પાણીના વિતરણ વ્યવસ્થાતંત્રને વધુ સુદઢ બનાવવા તેમજ જરૂરિયાત મુજબના વિસ્તારો સુધી પાણી પહોંચાડવાની કામગીરીને વેગ મળશે.

બાબરા તાલુકાના ખેડૂતો માટે પાણી એવિકાસની સેથી મોટી જરૂરિયાત છે, ત્યારે સેની યોજના અંતર્ગત મળેલી આ મોટી મંજૂરીથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. પાણીની ઉપલબ્ધતા વધવાથી ખેતીને વધુ સ્થિરતા મળશે અને ખેડૂતોને સિંચાઈ માટે વધુ સગવડ પ્રાપ્ત થશે. સાથે જ ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને પણ નવી ગતિ મળશે. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, બાબરા તાલુકાના ખેડૂતો અને ગ્રામજનોને પાણીની વધુ સારી સુવિધા મળે તે મારી સતત પ્રાથમિકતા રહી છે. રાજય સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને બાબરા તાલુકા માટે અંદાજીત રૂ.૭૦ કરોડની મંજૂરી મળવી એ સમગ્ર તાલુકા માટે આનંદ અને ગૌરવની બાબત છે. સેની યોજનાના માધ્યમથી વધુમાં વધુ વિસ્તારોને પાણીનો લાભ મળે તે માટે આગળ પણ સતત પ્રયત્નો ચાલુ રહેશે.

અમરેલી જિલ્લામાં કુલ રૂ.૨૦૯ કરોડની મંજૂરી અને તેમાંથી બાબરા તાલુકા માટે રૂ.૭૦ કરોડની મંજૂરી મળતા તાલુકાના પાણીના માળખાકીય વિકાસને નોંધપાત્ર વેગ મળ્યો છે. રાજય સરકારના સહયોગ અને ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોથી બાબરા તાલુકામાં પાણીથી સમૃદ્ધિ અને પાણીથી વિકાસની દિશામાં વધુ એક મજબૂત પગલું ભરાયું છે.

આ મહત્વપૂર્ણ મંજૂરી બદલબાબરા તાલુકાના આગેવાનો, ખેડૂતો, ગ્રામજનો તથા ભાજપ સંગઠનના કાર્યકર્તાઓ દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરી ધારાસભ્ય જનક તળાવીયાનો અભિનંદન સાથે આભાર માનવામાં આવ્યો છે.

સૌનો સાથ 'સૌનો વિકાસ'ના સંકલ્પ સાથે બાબરા તાલુકાના વિકાસની ગતિ સતત આગળ વધી રહી છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક


### સરકારી એડવોકેટ અને પીએસઆઈની દલીલો બાદ નિર્ણય

## ધોકડવા : IIFL ગોલ્ડ લોન ગેરરીતિ કેસમાં બ્રાન્ચ મેનેજરનાં ૮ દિ'નાં પોલીસ રીમાન્ડ મંજુર

### લોન ખાતામાં સોનાનાં વજન અને કેરેટનાં મુલ્યાંકનમાં ગેરરીતિ સામે આવી હતી



ઉના, તા. ૧૬

ગીરગઢડા તાલુકાનાં ધોકડવા ગામે આવેલી આઈઆઈએફએલ ગોલ્ડ લોન શાખામાં ૧.૪૨ કરોડથી વધુની નાણાકીય ગેરરીતિનાં કેસમાં ધરપકડ કરાયેલા બ્રાન્ચ મેનેજર ભાવસિંહભાઈ જોરૂભાઈ વાળાનાં ૮ દિવસનાં પોલીસ રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે. ભાવસિંહભાઈને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવતાં સરકારી વકીલ જેઠવા અને ગીરગઢડા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એ.સી. સિંધવ દ્વારા દલીલો કરવામાં આવી હતી, જેના પગલે કોર્ટે ૮ દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

કંપનીનાં આંતરિક ઓડિટમાં ૪૧ લોન ખાતાંમાં સોનાનાં વજન અને કેરેટનાં મૂલ્યાંકનમાં ગેરરીતિ સામે આવી હતી. આ ઉપરાંત ૧૭ ગ્રાહકોની લોનમાંથી ૩૮.૯૭ લાખની ઉચાપત અને બેગ્રાહકોનાં સોનાનાં દાગીનાં અન્ય વ્યક્તિઓના નામે ગીરવે મૂકીને લોન મેળવવાની વિગતો ફરિયાદમાં દર્શાવવામાં આવી છે. કંપનીની ફરિયાદ મુજબ, કુલ ગેરરીતિની રકમ ૧,૪૨,૬૫,૧૨૦ દર્શાવવામાં આવી છે.

કંપનીનાં એરિયા મેનેજરે ૧૪ ઓકટોબરે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. હવે ૮ દિવસનાં રિમાન્ડ દરમિયાન પોલીસ લોનનાં દસ્તાવેજો, સોનાનાં મૂલ્યાંકન, બેંક વ્યવહારો અને નાણાં કયાં ટ્રાન્સફર થયાં તે સહિતનાં મુદ્દાઓની તપાસ કરશે. આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ આગળ વધશે.

### આગામી ચૂંટણીની તૈયારીનાં ભાગરૂપે સંગઠન મજબૂત બનાવવા

## બાબરામાં શહેર ભાજપની મંડળ બેઠક યોજાઈ

### સરકારની યોજનાઓ જનજન સુધી પહોંચાડવા આયોજન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૬

બાબરા શહેર ભાજપની મંડળ બેઠક ઝોન પ્રભારી ચેતનભાઈ શિયાળનાં અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયા, જિલ્લા કિસાન મોરચાનાં પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા સહિતનાં ભાજપનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સંગઠનાત્મક અને રાજકીય વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

આગામી વર્ષ ચૂંટણીલક્ષી દ્રષ્ટિએ મહવપૂર્ણ હોવાથી ભાજપ દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે અત્યારથી જ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે શહેરથી લઈને બુથ અને શક્તિ કેન્દ્ર સ્તર સુધી બેઠકો યોજી કાર્યકર્તાઓ સાથે સંકલન સાધવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાનાં માનવી સુધી પહોંચે અને લોકોમાં યોજનાઓ અંગે જાગૃતિ આવે તે માટે કાર્યકર્તાઓને સક્રિય ભૂમિકા ભજવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠકમાં સંગઠનની કામગીરીને વધુ વેગવાન બનાવવા, કાર્યકર્તાઓ વચ્ચે સંકલન વધારવા અને પક્ષની વિચારધારા તથા સરકારની લોકહિતલક્ષી યોજનાઓનો વ્યાપ વધારવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. આગામી સમયમાં બુથ અને શક્તિ કેન્દ્ર સ્તરે સંગઠનને વધુ સક્રિય બનાવી પક્ષની કામગીરીને જનજન સુધી પહોંચાડવાનાં સંકલ્પ સાથે કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાયું હતું.

આ બેઠકમાં બાબરા શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, મહામંત્રીઓ ધર્મેશભાઈ વાવડીયા અને રમેશભાઈ સાંગડિયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, જિલ્લા ભાજપ કારોબારીનાં સભ્યો કિરીટભાઈ પરવાડીયા અને લતાબેન ચુડાસમા, વિપુલભાઈ ડાભી સહિત શહેર ભાજપનાં વિવિધ મંડળોનાં પ્રમુખો, મહામંત્રીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રેશનકાર્ડ ધારકો પાસેથી અનાજ ખરીદી ગોડાઉનમાં સંગ્રહ કરી ટ્રકો મારફતે

# બાબરા પંથકમાં ગરીબોનાં હકનાં અનાજનાં કાળાબજારની આશંકા

### તટસ્થ તપાસ થાય તો અનેક સ્ફોટક ખુલાશા થઈ શકે તેવી સંભાવના

### અમુક કાર્ડધારકો અનાજનો જથ્થો ઊંચા ભાવે દુકાનધારકને વેચી દેતા હોવાની ચર્ચા

### અનાજ માફિયાઓ થોડો થોડો જથ્થો એકત્ર કરીને બાદમાં ટ્રક ભરીને વેચી મારતા હોવાની આશંકા

### જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ

બાબરા, તા. ૧૬

બાબરા શહેર સહિત તાલુકાના વિવિધ વિસ્તારોમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને સરકાર દ્વારા રાહતદરે આપવામાં આવતા રેશનિંગના અનાજના જથ્થાની કથિત કાળાબજારીનો ગંભીર પ્રશ્ન ચર્ચામાં આવ્યો છે. આ મામલે સંબંધિત તંત્ર દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો અનાજની ખરીદીથી લઈને સંગ્રહ અને અન્યત્ર વેચાણ સુધીનું મોટું નેટવર્ક સામે આવવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

આ સમગ્ર મામલે નોંધનીય બાબત એ છે કે રેશનિંગની દુકાનોમાંથી કુપનધારકોને નિયમ મુજબ મળવાપાત્ર જથ્થો આપવામાં આવતો હોય છે. જોકે, કેટલાક ગ્રાહકો દુકાનેથી અનાજનો જથ્થો લઈ ગયા બાદ તે અનાજ કથિત રીતે ઊંચા ભાવે ખરીદતા લોકો અથવા અનાજના વેપારીઓને વેચી દેતા હોવાની આશંકા છે. આ રીતે ગ્રાહકો પાસેથી અનાજનો જથ્થો એકત્રિત કરવામાં આવતો હોવાની ચર્ચા છે.

મળતી વિગતો અને ઊઠતી શંકાઓ મુજબ, કથિત અનાજ માફિયાઓ દ્વારા બાબરા શહેર ઉપરાંત અન્ય તાલુકાઓમાંથી પણ રેશનિંગનો અનાજનો જથ્થો ખરીદવામાં આવતો હોવાની આશંકા છે. ત્યારબાદ આ અનાજ ગોડાઉનમાં મોટા પ્રમાણમાં એકત્ર કરીને સંગ્રહિત કરવામાં આવતું હોવાની ચર્ચા છે.

આ રીતે એકત્ર કરાયેલા ઘઉં અને ચોખા જેવા અનાજનો જથ્થો બાદમાં ટ્રકો મારફતે અન્ય સ્થળોએ ઊંચા ભાવે વેચાણ માટે મોકલવામાં આવતો હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. જો આ બાબતોમાં તથ્ય હોય, તો સરકારી રાહતદરની વિતરણ વ્યવસ્થાનો દુરૂપયોગ થતો હોવાનો ગંભીર પ્રશ્ન ઊભો થાય છે.

આ સમગ્ર મામલે જિલ્લા પુરવઠા વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ છે. બાબરા સહિત આસપાસના વિસ્તારોમાં આવેલા શંકાસ્પદ ગોડાઉનોની તપાસ, અનાજના જથ્થાની ચકાસણી, ખરીદી-વેચાણના વ્યવહારો તથા ટ્રકો મારફતે થતી હેરફેરની વિગતો તપાસવામાં આવે તો હકીકત બહાર આવી શકે તેમ છે.

સાથે જ, રેશનકાર્ડધારકો પાસેથી અનાજ કોણ ખરીદે છે, કયા સ્થળે તેનો સંગ્રહ કરવામાં આવે છે, કયાંથી ટ્રકો મારફતે જથ્થો રવાના થાય છે અને અંતે આ અનાજ કયાં વેચવામાં આવે છે તે દિશામાં પણ તપાસ થવી જરૂરી છે.

ગરીબોના હકનું અનાજ ગેરકાયદેસર રીતે અન્યત્ર વેચાતું હોય તો જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. તંત્ર દ્વારા માત્ર છૂટક તપાસ કરવાને બદલે અનાજની ખરીદીથી લઈને ગોડાઉનમાં સંગ્રહ અને ટ્રકો મારફતે વેચાણ સુધીની સમગ્ર સાંકળની તપાસ કરવામાં આવે તો કથિત કાળાબજારી પાછળ સંડોવાયેલા લોકો સામે હકીકતો બહાર આવી શકે તેમ છે.

હવે જોવાનું એ રહેશે કે સંબંધિત તંત્ર આ ગંભીર મુદ્દે તપાસ હાથ ધરીને ગરીબોના હકના અનાજની હેરાફેરી અટકાવવા માટે કેવાં પગલાં ભરે છે.

## કોર્ટનાં હુકમ બાદ સુગર ફેકટરીનાં ગ્રાઉન્ડમાં કાર્યવાહી

# ઉનામાં ૧૨૦ ગુનાઓમાં કબ્જે કરાયેલી વિદેશી દારૂની ૨,૮૧૩ બોટલોનો નાશ કરાયો

### DYSP મહાદેવ ચૌધરી સહિતનાં અધિકારીઓની ઉપસ્થિતિમાં દારૂનો નિકાલ કરાયો



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૧૬

ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનનાં ગુનાઓમાં કબજે કરવામાં આવેલા ભારતીય બનાવટનાં વિદેશી દારૂનાં જથ્થાનો કોર્ટના હુકમ મુજબ નાશ કરવામાં આવ્યો હતો. ઉના-ગીરગઢડા રોડ પર આવેલી સુગર ફેકટરીનાં ગ્રાઉન્ડમાં શુક્રવાર, તા. ૧૬ ઓકટોબર, ૨૦૨૬નાં રોજ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬નાં કુલ ૧૨૦ ગુનાઓમાં કબજે કરાયેલા દારૂની બોટલોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પંચનામા મુજબ, ઉના પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન પ્રોહિબિશનનાં કુલ ૨૪ ગુનાઓ નોંધાયા હતા, જયારે વર્ષ ૨૦૨૬ દરમિયાન કુલ ૯૬ ગુનાઓ નોંધાયા હતા. આમ, બંને વર્ષનાં કુલ ૧૨૦ ગુનાઓમાં કબજે કરવામાં આવેલા ભારતીય બનાવટનાં વિદેશી દારૂનાં મુદ્દામાલનો નાશ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

આ કામગીરી નામદાર એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટનાં હુકમ અને ઉના પ્રાંત અધિકારીનાં આદેશનાં અનુસંધાને કરવામાં આવી હતી. કોર્ટનાં નિર્દેશ મુજબ દરેક ગુનાનાં દારૂમાંથી સેમ્પલ તરીકે કુલ ૧૪૮ બોટલો રિઝર્વ રાખવામાં આવી હતી. જયારે બાકીની કુલ ૨,૮૧૩ બોટલો પર રોલર ફેરવી બોટલો તોડી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

દારૂનાં નાશની આ કામગીરી દરમિયાન ઉના વિભાગનાં ડીવાયએસપી મહાદેવ ચૌધરી, નશાબંધી વિભાગનાં અધિકારીઓ, ઉના પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પીઆઈ કરશન મૂછાળ, ઉના પ્રાંત અધિકારી શામળા, ઉના મામલતદાર તેમજ પોલીસ સ્ટાફ જોડાયો હતો. સંબંધિત અધિકારીઓની હાજરીમાં પંચોની રૂબરૂ સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને કામગીરી અંગેનું પંચનામું તૈયાર કરવામાં આવ્યું હતું.

પ્રોહિબિશનનાં ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલા દારૂનાં મુદ્દામાલનો કોર્ટનાં હુકમ મુજબ નિકાલ કરવાની આ કાર્યવાહી દરમિયાન કુલ ૨,૮૧૩ બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો, જયારે ૧૪૮ બોટલોને સેમ્પલ તરીકે સુરક્ષિત રાખવામાં આવી હતી. આ સાથે ઉના પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન નોંધાયેલા કુલ ૧૨૦ ગુનાઓના જપ્ત મુદ્દામાલનાં નિકાલની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

# ધારીના પત્રકારના પુત્ર અયાન ચાવડા જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં દ્વિતીય સ્થાને

ધારી, તા. ૧૬

ધારી ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા 1st AMRELI DISTRICT KATA CHAMPIONSHIP માં ચાવડા અયાન નિજારભાઈ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યુ.

તા. ૧૧ ઓકટોબરના રોજ ઓલ ગુજરાત વાડો કાઈ કરાટે ડુ એસોસીએશન દ્વારા જીલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા 1st AMRELI DISTRICT KATA CHAMPIONSHIPનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ની વિવિધ શાળાઓ માંથી ૧૫૦ જેટલા વિધાર્થીઓ એ ભાગ લીધો હતો.



જેમાં ધારીના અયાન ચાવડા એ યુ-૧૧ કેટેગરીમાં કાતામાં દ્વિતીય ક્રમાંક અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી પરિવારનું, શાળાનું તેમજ ધારી શહેરનું ગૌરવ વધાર્યુ. અયાન ચાવડાને કરાટેની તાલીમ યથા આર્ટ એકેડમી - ધારીના કરાટે કોચ મહેતર હદીસા અને મેહતા રિધ્ધિ દ્વારા સંપૂર્ણ તાલીમ આપવામાં આવી હતી.


"અમરેલી એક્સપ્રેસ"

અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૦૨૭


## રસ્તા સારા બન્યા પણ વાહન ચાલકોની શિસ્ત કયા ગઈ ?

# અમરેલીનાં ચિતલ રોડ અને લાઠી રોડ પર બેફામ વાહનચાલકોનો આતંક

### યુવાનોની ઓવરટેકિંગ અને પુરપાટ ઝડપથી રાહદારીઓ, સીનિયર સિટીઝનની સુરક્ષા સામે જોખમ

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં ચિતલ રોડ અને લાઠી રોડ ઉપર માર્ગો સુવિધાજનક બન્યા છે, પરંતુ રસ્તાઓના વિકાસ સાથે નાગરિકોમાં વાહન ચાલકની શિસ્ત અને જવાબદારી પણ વિકસે તે એટલું જ જરૂરી છે. રસ્તા સારા બન્યા તેનો ગેરલાભ લઈને કેટલાક વાહન ચાલકો બેફામ ઝડપે વાહનો દોડાવતા હોવાની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. ખાસ કરીને યુવાનો દ્વારા મોટર સાઈકલ પર પૂરપાટ ઝડપે વાહન ચલાવવું, જોખમી રીતે ઓવરટેકિંગ કરવું અને ત્રણ સવારીમાં ફરવું અન્ય લોકોની સલામતી માટે જોખમ ઊભું કરી રહ્યું છે.

અમરેલીના ચિતલ રોડ પર વાહનોની અવરજવર વચ્ચે કેટલાક વાહન ચાલકો એવી ઝડપે પસાર થતા જોવા મળે છે કે, જાણે રસ્તા પર નહીં, પરંતુ રેસિંગ ટ્રેક પર વાહન ચલાવતા હોય ! મોટર સાઈકલ હોય કે મોટર કાર ઝડપ અને બેદરકારીના કારણે રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ, વૃદ્ધો અને શાળાએ જતા વિદ્યાર્થીઓ માટે અકસ્માતનું જોખમ વધી રહ્યું છે. રસ્તા પર ચાલતા નાગરિકોને વાહનોની ઝડપનો અંદાજ ન આવે તો સામાન્ય સ્થિતિ પણ ગંભીર અકસ્માતમાં ફેરવાઈ શકે છે.

વાહન ચાલનની સીટ પર બેસ્યા પછી કેટલાક લોકો જાણે ભાન ભૂલી જતા હોય તેમ પૂરપાટ ઝડપે વાહન હંકારતા અને અન્ય વાહનોને જોખમી રીતે ઓવરટેક કરતા હોવાની ફરિયાદો વચ્ચે તંત્રની સતર્કતા પણ જરૂરી બની છે.

ખાસ કરીને યુવા વાહન ચાલકોએ એ સમજવું જરૂરી છે કે, રસ્તા પરની થોડી ક્ષણોની ઉતાવળ પોતાના જીવન ઉપરાંત અન્ય નિર્દોષ નાગરિકોના જીવને પણ જોખમમાં મૂકી શકે છે. પરિવારના સભ્યોની રાહ, વૃદ્ધોની અવરજવર અને વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દરેક વાહન ચાલકે ગતિમર્યાદા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જોઈએ.

કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને જાનહાનિ થાય ત્યારબાદ પગલાં લેવા કરતાં અગાઉથી જ સાવચેતી રાખવી વધુ જરૂરી છે. ચિતલ રોડ અને લાઠી રોડ પર બેફામ ઝડપે વાહન ચલાવતા લોકો સામે ટ્રાફિક નિયમોનું અસરકારક પાલન કરાવવું, નિયમિત ચેકિંગ કરવું અને જોખમી વાહનચાલન સામે કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી બની છે.

નાગરિકોમાં ટ્રાફિક જાગૃતિ લાવવા માટે અભિયાન ચલાવવામાં આવે અને શાળાના વિદ્યાર્થીઓથી લઈને યુવાનો સુધી માર્ગ સલામતી અંગે સમજણ આપવામાં આવે તેવી લાગણી પ્રબળ બની રહી છે.

વિકાસને અકસ્માતનું કારણ બનવા દેવાને બદલે નાગરિકો અને સત્તાવાળાઓ બંને જાગૃત બને, જેથી ચિતલ રોડ અને લાઠી રોડ પર કોઈ મોટી જાનહાનિ સર્જાય તે પહેલાં જ સલામતીનાં પગલાં લેવાય તેવી લોકલાગણી છે.

રસ્તાનું નિર્માણ અને સુધારણા વિકાસની નિશાની છે, પરંતુ વિકાસનો સાચો લાભ ત્યારે જ મળે જયારે નાગરિકો તેનો ઉપયોગ સમજદારી અને શિસ્તથી કરે.




























# ॥ આ વિજ્ઞાનનો યુગ છે પણ શિક્ષણ વિના વિજ્ઞાનનું જ્ઞાન અશક્ય છે ॥

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

વિજ્ઞાન જાણવા માટે શિક્ષણ અનિવાર્ય છે. વિજ્ઞાન શીખવા માટે પ્રયોગો કરવા માટે શિક્ષણ જરૂરી છે. માત્ર વિજ્ઞાન – વિજ્ઞાન કરવાથી કશુ ? વળવાનું નથી. અત્યાર સુધીમાં થઈ ગયેલ વૈજ્ઞાનિકોએ શિક્ષણ લીધુ જ હતું પછી ભલે ઓછુંઅદકુંલીધુહશે પણ વાંચવા, લખવા, સમજવા જેટલું તો શિક્ષણ લેવું જ પડતું હોય છે.

આ વાત સમજવા માટે આ લેખ ઉપયોગી થઈ પડશે. આવો મિત્રો વાંચીએ...

**શિક્ષણની અનિવાર્યતા –યુ. એન. દર્શનદાસજી**

કેળવાયેલા માણસોને દરેક સમાજમાં અજ્ઞાન માણસો કરતાં વધારે માન, મોભો અને દરજ્જો મળતા હોય છે. કેળવાયેલા માણસો બીજાના વિચારોને બહુ સરળતાથી સમજી શકવાની આવડત ધરાવતા હોય છે. આવી આવડતના તેને વિશેષ લાભો પણ મળતા રહે છે. અજ્ઞાન માણસનું જીવન કેટલું દયાપાત્ર બની જાય છે એ તો નજરે જોઈ શકાય છે. કેળવણી વિનાનો માણસ સમાજમાં લગભગ પણ સમાન મનાય છે.

જનાવરનાં બાળકો કરતાં માનવ – બાળકોને કેળવવાની વધારે જરૂર રહે છે. માનવ – બાળકની પશુના બાળકો સાથે સરખામણી કરીએ તો જણાય છે માનવ – બાળક તેના જન્મથી જ પશુના બાળક કરતા વધારે અસહાય હોય છે. અને લાબાંસમય સુધી અસહાય જ રહે છે. પ્રકૃતિએ જનાવરના બાળ કોને જન્મ વખતે જેટલા સ્વાવલંબી બનાવ્યું છે એટલા માનવ – બાળકને નથી બનાવ્યાં. જે આપણે બે જ દિવસના બતકના બચ્ચાને પાણી ઉપર મૂકશું તો તરત જ આપમેળે તરવા લાગશે. એ જ રીતે કૂકડીનું બચ્ચું જન્મે કે તરત જ ચાંચ મારીને ચણવાની ક્રિયા શીખી લે છે. પરંતુ આવી શકિત નવજાત માનવ – બાળકમાં નથી હોતી. માનવ બાળકને નિર્ભર બનવા માટે વધારે સમયની અને ખાસ તાલીમની જરૂર પડે છે. જનાવરનાં બાળકો જન્મીને તરત જ પોતાના ખોરાક અને રક્ષણ માટે આત્મનિર્ભર હોય છે. પરંતુ માનવ – બાળકનું તેમ બનતું નથી. બચપણમાં જે તેને બીજાની સહાયન મળે તો તે જીવી પણ ન શકે. તેથી માનવ બાળકના જીવન વિકાસ માટે જ નહીં પરંતુ જીવનની રક્ષા માટે પણ તેને યોગ્ય સહાય અને તાલીમ આપવી જરૂરી છે. જે બાળક તાલીમના અભાવે પશુના બાળક કરતાં પણ વધારે નિરાધાર હોય છે તેને યોગ્ય તાલીમ મળ્યા પછી તે બધા પ્રાણીઓનો પાલક અને સંચાલક બની શકે છે. આખી દુનિયા ઉપર તેનું વર્ચસ્વ રહે છે. એક જ મહિનાનું પોપટનું બચ્ચું એક માસના માનવ – બાળકથી વધારે બોલી શકે છે. તે માણસની બોલીની નકલ પણ કરી શકે છે. માનવ – બાળક આવું કશું જ કરી શકતું નથી. પરંતુ જન્મીને તરત જ બોલવા શીખી જતો પોપટ આખી જિંદગી બેચાર શબ્દોનું જ ઉચ્ચારણ કરી શકે છે. વળી એક પણ શબ્દનો અર્થ તો સમજતો જ નથી. જયારે માનવ – બાળક તાલીમ દ્વારા દુનિયામાં અઘરામાં અઘરી ભાષા પણ જાણી લે છે અને તેના પર પોતાનું આધિપત્ય જમાવે છે. આ અદ્‌ભૂત ચમત્કાર તેણે લીધેલ તાલીમનો નહીં તો બીજા શાનો છે ?પિતાની આવડત અને શક્તિ પુત્રમાં આપો આપ નથી આવી જતા. દરેક લાયકાત તાલીમ દ્વારા પ્રાપ્ત કરવી પડે છે. પિતાએ સ્વપ્રયત્નથી કોઈ વિશેષ પ્રકારની યોગ્યતા મેળવી હોય તો તે પુત્રમાં નથી આવી જતી પરંતું તેવા ગુણો પ્રાપ્ત કરવા માટે પુત્રે શિક્ષણ દ્વારા તાલીમ લેવાની જરૂર રહે છે. ચારિત્ર્યના ગુણોં કે વિદ્યાનું જ્ઞાન પ્રત્યેક વ્યક્તિને તેના પ્રયત્નોથી જ મળે છે. જે કોઈ વ્યક્થિ તેના સ્વપ્રયત્નથી આગળ ન આવે તો તેના પૂર્વજો અને વડીલો ગમે તેટલા ચારિત્ર્યવાન કે જ્ઞાની થઈ ગયા હોય તેમ છતાં તે તેના જેવો બની શક્તો નથી. શિક્ષણનું ધ્યેય દરેક વ્યક્તિની આવડત અને યોગ્યતા વધારવાનું છે. તેથી શિક્ષણનાં કામમાં કદી શિથિલતા લાવવી ન જોઈએ. દરેક પેઢીનું શિક્ષણનું કામ ઉત્તરોત્તર વધારે સારી રીતે થતું રહેવું જોઈએ. જે કોઈ રાષ્ટ્રની એક પેઢીના શિક્ષણની અવગણના કરવામાં આવે તો તે દેશની અગાઉ ગમે તેટલી ઉન્નતિ હોવા છતાં વિનાશની અવસ્થામાં પહોંચી જાય છે. તેથી કોઈ પણ દેશની ઉન્નતિ ટકાવી રાખવા માટે શિક્ષણ કરતાં વધારે મહવનું બીજું એક પણ કામ નથી. દરેક માણસની એ ફરજ છે કે તેણે શિક્ષણકાર્યમાં મદદ કરવી. વળી જો શિક્ષક શિક્ષણને ધંધો સમજીને નહી પણ ધર્મ સમજીને કામ કરે તો તેના જેટલું પુણ્યશાળી કામ બીજું કોઈ નથી. દુનિયામાં સૌથી વધારે મજબૂત સરકારએ ગણાય જે રાષ્ટ્રની આવકનો મોટો ભાગ પ્રજાની કેળવણી પાછળ ખરચીને શિક્ષણના કામને મહવ આપે છે.યુરોપના સુપ્રસિદ્ધ તત્ત્વવેતા પ્લેટોના મત અનુસાર દરેક રાજયના અસ્તિત્વનો નૈતિક આધાર શિક્ષણ પર રહેલો છે. જેસરકાર શિક્ષણને સૌથી વધારે મહત્વનું નથી ગણતી તે પોતાના અસ્તિત્વમાં નૈતિક આધારનો જ નાશ કરે છે. અત્યાચારી તેમ જ વિદેશી સરકારો મોટાભાગે પ્રજાના શિક્ષણકાર્યની અવગણના કરતી હોય છે. શિક્ષણ દ્વારા લોકમાં જાગૃતી આવે અથવા તેને આત્મભાન થાય તેવું પરદેશી અને તાનાશાહી સરકારો ઈચ્છતી નથી. તેમ કરવાથી તેનું અસ્તિત્વ જોખમાય છે. આવી સરકાર અનૈતિક સરકાર ગણાય. આજના યુગમાં આવી સરકારોનો અને રાજય રચનાનો અંત લાવવાનું આંદોલન ચાલી રહ્યું છે.

શિક્ષણની આવકયતા જેટલી આજના યુગમાં છે તેટલી પહેલાં કદી ન હતી. કેમ કે આ વિજ્ઞાનનો યુગ છે. શિક્ષણ વિના વિજ્ઞાનનું જ્ઞાન અશકય છે. કુદરતમાં રહેલી અગાધ શક્તિનો ઉપયોગ વિજ્ઞાન જાણ્યા વિના થઈ શકે નથી. જે પ્રજા પોતાને જીવન–સંગ્રામમાં વિજ્ઞાનની મદદ લઈ શકતી નથી તે જીવતી રહી શકતી નથી.અત્યારનો યુગ જેમ વિજ્ઞાનનો છે તેમ લોકશાહીનો પણ છે. લોકશાહીની સફળતા અને સાર્થકતા માટે પણ દરેક વ્યકિએ સુશિક્ષિત બનવું ખાસ જરૂરી છે. શિક્ષણ દ્વારા જ માણસને પોતાના નાગરિક અધિકારનું ભાન થાય છે અને કર્તવ્યપાલનની ફરજ સમજાય છે. જે પ્રજા અશિક્ષિત અને અજ્ઞાની હોય તો લોકશાહીના લિબાસમાં પણ તાનાશાહી, સરમુખત્યારશાહી જોર પકડે છે. પરિણામે જનતાને લોકરાજયને નામે ચાલતા પશુરાજયમાં રહેવું પડે છે. લોકશાહીની સફળતા માટે સાઢં શિક્ષણ અનિવાર્ય છે.

આવા અસંખ્ય વિચારો, ઉપાયો જાણવા ઉત્સુક વ્યકિતએ "શિશુ વિહાર" ભાવનગર દ્વારા પ્રકાશિત પુસ્તિક "શિક્ષણ –દશા અને દિશા" વાંચવું રહયું ત્યાં સંસ્થામાંથી મળી રહેશે. સંપર્ક : ડો. જનકભાઈ ભટ્ટ : ૯૮૯૮૪૬ ૬૩૪૮૯



# બાલ એક્સપ્રેસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## વાર્તા : વનરાજ હિંમતસિંહ



એક સિંહ જાડો જોડો બમ. એનું નામ હતું હિંમતસિંહ. સિંહ રોજ સવારે ગુફાની બહાર બેસે. ઊગતા સૂરજનો તડકો સિંહને બહુ ગમે. સિંહની આજુબાજુ એના હજુરિયાય બેસે. નાના બટકા સસ્સાભાઈ હોય. લુચ્ચી આંખોવાળું શિયાળ હોય. મોર, પોપટને કબૂતરય હોય. જંગલમાં ઘણા ટૂરિસ્ટો આવે. એ લોકો જીપમાં બેઠા હોય. મોજ મસ્તીથી ગીતો ગાતા હોય. પણ ગુફાની નજીક આવતાં જ ચૂપ ! એકવાર સવારે જીપ આવી– ઢરરર કરતી. ગુફા પાસે ઊભી રહી. ને એ સાથે ટૂરિસ્ટોનાં નાનાં ટાબરિયાએ ચિચિયારી પાડી : વાઉ લાયન !

એ સાંભળીને મોર – પોપટને કબૂતર ઉડી ગયાં. સસલું ચમકયું, ભાગ્યું ઝાડીમાં સંતાવા. શિયાળ બેસી રહ્યું. આંખો એની ચકળવકળ ! સિંહરાજા મસ્તીમાં બેઠા હતા, બધો તાલ એ જોઈ રહ્યા, ચુપચાપ.

જીપમાંથી એક માણસ નીચે ઉતર્યો, એણે જીન્સનું પેન્ટ, લાલભડક જર્સી, ને બૂટ પહેર્યા હતાં. હાથમાં ટેબ્લેટને માથે કેપ. એ માણસ વિડિયો ઉતારવા માંડયો. કોઈ હસ્યું : સિંહથી દૂર રહેજો મિસ્ટર !....બીજાએ કીધું : ખબર છે ને, વ્હાઈટ લાયને એક માણસને ફાડી ખાધો'તો એ !!...

એ – ઝૂ હતું. પ્રાણી સંગ્રહાલય, ને આ છે બિહામણું જંગલ એટલું યાદ રાખજો !... પેલો ટેબ્લેટવાળો એની ધૂનમાં મસ્ત હતો. એને તો બસ સિંહ જ દેખાતો હતો. એ ધીરે ધીરે આગળ વધી રહ્યો. સિંહે લાંબુ બગાસું ખાધું. શિયાળે પૂંછડી હલાવી – પટપટ પટ.

માણસનું બધું ધ્યાન વિડિયો ઉતારવામાં હતું. એ સિંહની સરહદમાં ઘૂસી ગયો. સિંહે પરચો



બતાવ્યો. મોટી ત્રાડ પાડીને. એ સાંભળીને આસપાસનાં ઝાડ ધ્રુજી ઊઠયાં, પંખી ઊડી ગયાં, ઝાડીમાંનું સસલુંય ફફડી ઊઠયું.

જીપ આખી ધ્રુજી ઊઠી, બેઠેલા માણસો ધ્રુજી ઊઠયાં. ને જીપ ઊભી હતી ત્યાંથી ભાગી. પેલો માણસય ભાગ્યો,ને ચાલતી જીપમાં ચઢી બેઠો. જીપ આગળ વધી, માણસે માથૂ કૂટયું : 'ઓ ભગવાન, મારૂં ટેબ્લેટ ?

અરે, મૂવું ભૈ, તારૂં ટેબ જીવ તો બચ્યો ને ! જીપ તો પછી જાયનાઠી. શિયાળ પેટ પકડી પકડીને હસી પડયું : જોયું વનરાજ, પેલો ડરપોક ! ભૈ નિકળ્યા'તા સાહસ કરવા, તે જાય નાઠા – ઉભી પૂંછડીએ..

સસલુંય હસતું હસતું દોડી આવ્યું. એણે કીધું : 'સાહસ કરવા હિંમત જોઈએ હિંમત, નહીં હિંમત સિંહ મહારાજ ! ? 'સિંહ ખોંખારો ખાધો : : હા, બિલકુલ સાચી વાત છે ! મારી ત્રાડ સાંભળ ીને પેલો છંછુદર જાય નાઠો ! બધાં એકી સાથે હસી પડયાં. શિયાળ આળસ મરડીને થયું ઉભું. એ ધીમે ધીમે ટેબ્લેટ પાસે ગયું, ઉભું રહ્યું. ટેબ્લેટને સુંઘ્યું ને પછી એને લઈને સિંહ પાસે આવ્યું: 'સિંહરાજ, આને ટેબ્લેટ કહેવાય હોં ! તને વળ ી કોણે કીધું ? સિંહ હસ્યો. શિયાળ ની આંખો હસી, એણે કીધું : મને બધી જ ખબર છે, આપણે તો ફરતારામ !!?'

હા, મહારાજ,..પેલો માણસ આપણો વિડીયો ઉતારી રહ્યો હતો, જોવું છે ? આપણે આ ટેબમાં દેખાઈશું ! વનરાજ, જોજો હોં ! શું જોવાનું છે? એટલે કે જરા સાચવજો ! સસલાએ કીધું : મારા દાદા કહેતા'તા કે એમનો કોઈ વડવાએ એક સિંહને કૂવામાં સિંહનું પ્રતિબિંબબતાવીને કીધેલું : જુઓ, આ તમારો દુશ્મન ! પછી ? શું થયું ? પછી શું થાય !? પેલો મૂરખ સિંહ એને મારવા કૂવામાં પડયો ! મારો ઠિંગુ સસલો અક્કલનો પાક્કો કહેવાયહોં ! શિયાળે સ્વિચ આન કરી – ટેબ્લેટની. ને ત્યાં તો સ્ક્રીન પર સિંહ ! ...અને એની ત્રાડ ! સસલું સૌથી પહેલું ભાગ્યું. સિંહ એને જોઈને ચમકયો, ને એય નાઠો જીવ લઈને સિંહ ગુફામાં પેસી ગયો. મોર – પોપટને કાગડો એય ઊડી ગયા ! શિયાળ હસી પડયું : સિંહરાજ, સાહસ માટે હિંમત જોઈએ હિંમત ! પાછા ફરો, આ તો ટેબ્લેટનો સિંહ છે ! અરે ! આ તો તમે છો ! તમે ! મહારાજ ! સિંહ ખાસ્સીવારે ગુફાની બહાર આવ્યો. જોયું તો કોઈ હતું નહી. એણે ત્રાડ પાડી. એ સાંભળીને ઝાડીમાં ઉભેલાં શિયાળને સસ્સાભૈ ખડખડાટ હસી પડયાં.

## ॥ :: સુવિચારો :: ॥

– સાચી કેળવણી બગડતા સમાજને સદા સુધારીને સહાય કરે છે. તેમાં સાદાઈ, સંસ્કારનાં સુંદર બીજ રોપાય છે, અને વિકાસના અંકુરો ફૂટે એવી દિશાઓ બતાવે છે. **– સરદાર વલ્લભભાઈ પટેલ**

– કેળવણી એટલે જીવનમાં આવતી સારી નરસી પરિસ્થિતિઓનો સામનો કરવાની યોગ્યતા.

**– જોન જી. હિબન**

– આધુનિક ભણતર સાથે નૈતિક શિક્ષણનો મેળ જામવો જોઈએ. નૈતિક જીવનનું ઘડતર બરાબર ન થયું હોય તો શાળા –મહાશાળાઓનું સર્વ પ્રકારનું શિક્ષણ ફોક થાય છે. **– પ્રણવાનંદજી**

– આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવાનું છે. ભણેલો માણસ શૂરવીર હોય.શિક્ષણ ખાતર શિક્ષણ નહિ, પણ શિક્ષણમાંથી શકિત પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ.**–મનુભાઈ પંચાળી 'દર્શક'**

## જ્ઞાન ઝરણાં

**સ્કંધ ચાંથા**

૩૮૩– પાત્ર વગર જ્ઞાન ટકતું નથી. સુપાત્ર વગર જાન શોભે નહી. ધન અને જ્ઞાન પાત્ર વગર શોભતાં નથી.

૩૮૪– જ્ઞાન ક્રિયાત્મક બને ત્યારે જ એ શાંતિ આપે છે.

૩૮૫– વિલાસી લોકો જ્ઞાનનો અનુભવ કરી શકે નહીં. વેદાંતનો અધિકાર સર્વને નથી. વેદનો અધિકાર વિરકતને છે.

૩૮૬– વૈરાગ્ય અને સંયમ વગર જ્ઞાન પચતું નથી.

૩૮૭– મનમાં કામ આંખ વાટે આવે છે. માટે આંખમાં રાવણ રૂપી કામને આવવા દેશો નહીં.

૩૮૮– મર્યા પછી ધન સાથે આવતું નથી. ધર્મ સાથે આવે છે. માટે ધન કરતાં ધર્મ શ્રેષ્ઠ છે. અર્થને ધર્માનુકૂલ રાખો.

૩૮૯– મનુષ્યનો શત્રુ બહાર નથી, મનમાં છે. અંદરના શત્રુઓને મારશો તો જગતમાં તમારો કોઈ શત્રુ નહીં રહે.

૩૯૦– જગતમાં કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે. જીવ સાથે તો શું જડ પદાર્થ પ્રત્યે પણ કુભાવ ન રાખો.

૩૯૧– સ્વાર્થ મનુષ્યને પાગલ બનાવે છે. મનુષ્યના મનમાં સ્વાર્થ જાગે ત્યારે તે બીજાનું બગાડવા તૈયાર થાય છે. બીજાનું બગાડનારનું કોઈ દિવસ સારૂં થતું નથી.

## માછલી ઘર શા માટે



**ઘરમાં માછલીઘર શા માટે રાખવું જોઈએ ?– એસ. ટી. કપાસી**

એકવેરિયમ એટલે કે માછલીઘર ફકત ઘરની આંતરિક સજ્જાનું સાધન નથી, તે ઘરમાં સકારાત્મક ઉર્જા અને ભાગ્યવૃદ્ધિ પણ લાવે છે. ફેંગશુઈ શાસ્ત્ર માછલીઓને તેનું ઘરમાં હોવુંભાગ્યને બળ પ્રદાન કરે છે, એવી માન્યતા છે કે માછલીઓ કોઈ પણ સંકટને અગાઉથી જ સૂંઘી લે છે. જો કોઈ સમસ્યા આવવાની હોય તો માછલીઓનો વ્યવહાર એકદમ બદલાય જાય છે. એકવેરિયમ મૂકવા માટે અખના ફિશ, ફલોવર હોર્ન, ડ્રેગન કાર્પ અને ગોલ્ડ ફિશને શુભ માનવામાં આવે છે. અખના માછલી લાલ, સોનેરી, સિલ્વર અને લીલા રંગની હોય છે. આ ભાગ્યની સાથે ઉત્તમ સ્વાસ્થ્ય, ઉન્નતિ, ધન અને શકિતનું પ્રતીક હોય છે. ઘરમાં રહેલા અનેક વાસ્તુદોષને દૂર કરવામાં માછલી કારગર હોય છે.

ફલોવર હોર્ન માછલી પોતાની ચારે બાજુ એવું વાતાવરણ ઊભું કરે છે કે રોગથી પીડિત વ્યકિત પણ સામાન્ય અનુભવે છે. આ માછલીના શરીર ઉપર નાના નાના કાળા ધબ્બા હોય છે. જે આ ઉન્નતિ અને ધનનું પ્રતીક માને છે.

ડ્રેગન કાર્પ માછલીમાં ધારાના વિરૂદ્ધ વહેવાની ક્ષમતા હોય છે. આ માછલી મુશ્કેલીમાં અડગ રહેવાનો ગુણ પ્રદાન કરે છે. તેને મહત્વાકાંક્ષાને પૂરી કરનારી માલી માનવામાં આવે છે.

સૌભાગ્ય માટે માછલીઘરમાં ગોલ્ડન માછલી જરૂર રાખો. ઓછામાં ઓછા આઠ સોનેરી માછલીઓ હોવી જોઈએ. એમાંથી એક માછલીનું રંગ કાળો હોવો જોઈએ. અને તમે ઘરના ઉત્તર, દક્ષિણ – પૂર્વ, દક્ષિણ–પશ્ચિમ ખૂણામાં રાખો. માછલીઘરના મુખ્ય દ્વારની જમણી બાજુ ન રાખવું. જો કોઈ માછલી મરી જાય તો તેના સ્થાને નવી માછલી લાવો. એવું માનવું છે કે જો ઘરમાં કોઈ મુશ્કેલી આવે માછલીઓ તેને પોતાની ઉપર લઈ લે છે.



બાલમિત્રો,

અત્યારે નોરતા ચાલી રહયા છે. નવ નવ રાત્રિ સુધી માતાની આરાધના થશે. ભાવથી આબાલવૃધ્ધ માની સાધના અને આરાધના કરેશ. વ્રતો લેશે. આ એક સુંદર અને પવિત્ર સાધનાનો ઉત્સવ, અવસર છે. તમે પણ તમારા લત્તામાં, નાકામા, ચોકમા, ગરબી પધરાવતા હશો. ગરબા લેતા હશો, તમામ લોકો અનેનો આનંદ લુંટતા હશે. જો કે હવે પહેલા જમે શાંતિથી ભકિતભાવ પૂર્વક ગરબા ગવતા નથી. એમ લેવાતા પણ નથી. તેની જગ્યાએ માઈકના ધોંધાટ સાથે પાર્ટી પ્લોટમાં કોઈ ગવડાવે ને મોટી સંખ્યામાં લોકો ગરબા લેતા જોવા મળે છે. એ લોકોના શરીર ચાલતા હોય છે. પણ હોઠથી માતાજીનું નામ બોલાતુ નથી. માત્ર વેશભૂષાનો મેળો જોઈલો. માતાજી તો નામના એક ખુણામાં બેઠા હોય છે. ને લોકો ઠીઠીયારની જેમ આડા આવતા એકશન કરતા હોય છે. આરાધના અને સાધનાં ઓછા ને દેખાડાનું પ્રમાણ વધુ. આને નોરતા થોડા કહેવાય ?



## દ્રૌપદીનું અક્ષયપાત્ર

**પૌરાણિક કથા : તુષાર જ. અંધારિયા**

પાંડવોની પત્નીદ્રેપદીને સૂર્ય ભગવાને એક અક્ષયપાત્ર આપ્યુંહતું. પાંડવોને કૌરવોદ્વારા ૧૨ વર્ષનો દેશવટો મળ્યો હતો. દ્રૌપદી પોતે જયાં સુધી ભોજન ન લે ત્યાં સુધી આ અક્ષયપાત્ર આખો દિવસ ભોજન આપતું. પાંડવોની પટરાણી દ્રૌપદી ભોજન કરી લે એ પછી એ દિવસનું ભોજન અક્ષયપાત્ર ન હોતું આપતું.

કૌરવોને પાંડવોની ઈર્ષ્યા થયા કરતી અને તેઓ પાંડવોને હેરાન કરવાની એક પણ તક છોડતા નહોતા. પાંડવોને હેરાન કરવાના ઈરાદાથી દુર્યોધને દુર્વાસા મુનિને એમની પાસે મોકલ્યા. એણે દુર્વાસાને કહ્યું કે તેઓ ગમે તેટલા લોકોને લઈને પાંડવો પાસે જશે તો પણ એમને ભોજન કરાવવામાં કોઈ તકલીફ નહીં પડે. પાંડવો પાસે એક અક્ષયપાત્ર છે જે એમને દ્વારે આવતા સાધુ સંતોને અખૂટ ભોજન પૂરૂ પાડે છે.

દુર્વાસા મુનિ મોટી સંખ્યામાં શિષ્યોને લઈને પાંડવો પાસે ગયા. એમણે કહ્યું કે તેઓ ભૂખ્યા છે તેથી બધા માટે ભોજન તૈયાર કરો. એમણે કહ્યું કે તેઓ પહેલાં



નદીએ સ્નાન કરવા જશે અને પાછા ફરીને બધા શિષ્યો સાથે ભોજન લેશે.

દ્રૌપદીએ તો તે દિવસનું ભોજન લઈને અક્ષયપાત્ર સાફ કરી નાખ્યું હતું. એટલે પાંડવો તો મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયા. હંમેશાની જેમ દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણની અંતઃકરણથી પ્રાર્થના કરી.

શ્રીકૃષ્ણ સાક્ષાત પ્રગટ થયા ! શ્રીકૃષ્ણએ દ્રૌપદી પાસે કાંઈક ખાવાનું માંગ્યું. હવે કાંઈ જ ખાવાનું બચ્યું ન હોય ત્યારે એ શ્રીકૃષ્ણને શું આપે ? શ્રીકૃષ્ણએ દ્રૌપદીને કહ્યું કે અક્ષયપાત્રમાં અનાજનો એકાદ દાણો પણ હોય તો જોઈ જુએ. દ્રૌપદીને અનાજનો એક દાણો મળ્યો તે એણે શ્રીકૃષ્ણને આપ્યો. ભગવાને એની પાસેથી એ દાણો લઈને ખાધો.

અહીં શ્રીકૃષ્ણએ અનાજનો દાણો ખાધો કે તરત જ નદીએ સ્નાન કરતા દુર્વાસાને પેટ ભરાઈ ગયું હોય તેવી તૃપ્તિ થઈ ગઈ ! એમને લાગ્યું કે એ ભોજનનો એક કોળિયો પણ નહીં ખાઈ શકે. આથી તેઓ દ્રૌપદી પાસે ભોજન લેવા ન ગયા.

આમ, હંમેશાની જેમ શ્રીકૃષ્ણ દ્રેપદીની મદદે આવ્યા. જેઓ ભગવાનને સમર્પિત હોય છે એમની મદદ ભગવાન કરતા જ હોય છે.

## રાષ્ટ્રપતિ રાહ બતાવે છે

ભારતના રાષ્ટ્રપતિ ડો. ઝાકીરહુસેન દેશના પ્રથમ પંક્તિના કેળવણીકાર છે. તેથી જયારે પ્રસંગ આવે ત્યારે કેળવણીના વહીવટીતંત્રમાં રહેલી જડતા દૂર કરવા દિશાસૂચન કરતા હોયછે. પરંતુ જડતાનું એક લક્ષણ 'તુમ બકતે હૈ વે સુનતે હૈ' એવું રહે છે. જડતંત્રમાંથી સંવેદના ચાલી જાય છે. ભેંશ આગળ ભાગવત અને પથ્થર ઉપર પાણી નકામા છે. તેમ છતાં ભેંશ આગળ ભાગવત વાંચવી પડે છે અને પથ્થર ઉપર પાણી ઢોળવું પડે છે. આશાવાદી મહાપુરૂષો તેમ કરતા થાકતા નથી.

કેળવણીમાં માણસાઈનું તવ વધારે વિકસે તે તરફ લક્ષ દેવા તેઓએ હમણાં જ પૂના ખાતે યોજાયેલ એક સમારંભમાં ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. કેળવણીની આજની પદ્ધતિ ઉપાર્જનલક્ષી નથી પણ ખર્ચલક્ષી છે તેમાં શું મેળવવાનું છે તેના કરતાં શું ખર્ચી નાખવાનું છે અને કેટલું ખર્ચાઈ ગયું છે તેના ઉપર પ્રગતિનો આંક મંડાય છે. આંકડાના આવા લક્ષાંકોમાં માનવવ વિસરાઈ જાય છે. તેમ થવાની કેળવણી નિષ્પ્રાણ બને છે. તેનો આત્મા ઊડી જાય છે. માત્ર સાધનો વધવાથી, આંકડાઓ એકઠાં કરવાથી, વિદ્યાર્થીઓની ભરતીથી અને દર વરસે એની પાછળ વધતા ખર્ચથી કેળવણીનો વિકાસ થઈ રહ્યો છે તેમ માની લેવામાં આવે છે. પરંતુ તદ્દન બેદરકારીથી અપાયેલી ખરાબ કેળવણી મેળવવા કરતાં અભણ રહેવું વધારે સારૂં કેમ કે આ ખરાબ કેળવણી દેશ માટે મહાન ખતરો ઊભો કરે છે.

મુખ્યત્વે ફરિયાદોની તપાસ કરનાર, આંકડા એકઠા કરનાર, ગ્રાન્ટ મંજૂર કે નામંજૂર કરનાર ખાતા કરતાં કંઈક જુદી રીતે કેળવણીના તંત્રીની ચર્ચા થવી જોઈએ. જીવનલક્ષી સર્વોદયની ભાવના ભજવનારા કલ્પનાશીલ કેળવણીકારોના મંડળ દ્વારા શિક્ષણનું સંચાલન થાય તે જરૂરનું છે. તેમાંથી મહેનતું, શક્તિશાળી, જવાબદાર અને ઉપયોગી નાગરિકો વધારે સંખ્યામાં મળી શકે અને જે દ્વારા કેળવણી પામેલ નવજુવાન ન્યાય અને સમાનતાના ધોરણે નવસમાજની રચના કરી શકે તેવી કેળવણીની દેશને વધારે જરૂરત છે.

('શિશુવિહાર'ના ૧૫/૬/૧૯૬૮ના અંકમાંથી)

# ફૂલોના દેશની યાત્રા

## બાળ નિર્માણની વાર્તાઓ
ડૉ.આશાબહેન એ.શાહ – સરકિજ

રજને ફૂલોથી પોતાના ઢીંગલા–ઢીંગલીને ખૂબ જ શણગાર્યા અને એ જોઈને તે મુગ્ધ બની ગઈ. રાત્રે રંજન સૂવા માટે મા પાસે ગઈ પણ તે એની સાથે બોલી નહિ. રંજનને મા પાસેથી વાત સાંભળતાં સાંભળતાં ઊંઘી જવાની ટેવ હતી. એણે વાત કહેવા માટે મા ને કહ્યું ત્યારે તે પાસું બદલીને સૂઈ ગઈ. તે નીચે ઊતરીને બીજી બાજુ જઈને માને બાઝી પડીને બોલી, મા, વાત સંભળાવને ? પણ એણે રંજનનો હાથ જોરથી ઝટકો મારીને છોડાવી દીધો. અને રૂમમાંથી બહાર નીકળતાં કહેતી ગઈ કે અમે ફૂલ તોડનારાં ગોદા બાળકો સાથે બોલતાં નથી.

રંજનને રડવું આવ્યું રડતાં રડતાં તે ઊંઘી ગઈ. થોડી વાર પાછી એણે જોયું કે એક સુંદર પરી તેને પંપાળતી ઊભી હતી. એના કપડાં સોના – ચાંદીનાં હતાં. પરી રંજનને પ્રેમથી પૂછવા લાગી કે શું ફલોના દેશમાં



આવીશ ?

રંજન તરત જ બોલી, હા–હા આવીશ. પરીએ રંજનની આંગળી પકડી અને આકાશમાં ઊડી ગઈ. એણે સમજાવ્યું કે આંગળીને બરાબર પકડી રાખે. રંજને આંગળી મજબૂતાઈથી પકતી રાખી. તેરૂ જેવાં સફેદ અને મુલાયમ વાદળો વચ્ચે થઈને આગળ વધી. ઈન્દ્રધનુષ્યના મુખ્ય દ્વાર પાસે ફૂલોના રાજાનો **(ક્રમશઃ)**

# પટેલસાહેબ, હું બીજી સગવડ કરી લઈશ.

## બકોર પટેલની કહાણીઓ
હરિપ્રસાદ વ્યાસ

બકોર પટેલ નાહી પરવારી હીંચકે બેઠા. હીંચકે ઝૂલવાનો શોખ ભારે. ઝૂલતા જાય ને છાપાં વાંચતા જાય

એટલામાં ટપાલી આવ્યો ને ‘ શેઠસાહેબ, આ તમારી ટપાલ,’ કહી કાગળો આપી ગયો. એટલે પટેલે છાપાં એક બાજુ મૂક્યાં ને ટપાલ હાથમાં લીધી. પહેલું જ એક પરબીડિયું ફોડયું. કાગળ કાઢીને વાંચ્યો. વાંચતાની સાથે જ પટેલ જાણે ઝબકી પડયા. મોં મલક મલક હસી પડયું. કાગળ એક વખત ચીપી ચીપીને વાંચ્યો ! બીજા કાગળોને તો છેડયા સરખા નહિ. એ જ કાગળ લઈ દોડયા સીધા રસોડામાં ! પટલાણી શાક સમારતાં હતાં.

ખડખડ હસી પડતાં પટેલે કહ્યું : ‘મોટર ! મોટર ! મોટર ! બસ, હવે તો આપણે મોટરમાં જ ફરવાના ! તમે કેટલા ય વખતથી કહ્યા કરતાં હતાં કે આપણી પોતીકી મોટર હોય તો કેવું સારૂં ? પણ હવે તો જરૂર મોટર આવવાની, ને તે થોડા જ દિવસમાં. કાગળ લખું એટલી વાર! હા હા હા ’!‘ પટેલના હસવાનો ને આનંદનો પાર નહિ. પટલાણી તો આભાં બનીને જોઈ રહ્યાં. એમના મનમાં, કે આ વળી શું નવું ધતિંગ ? પટેલની વાતમાં કશી સમજ નહિ. ધીમેથી કહ્યું: “તમને કહેવું પણ શું ? તમારી તો અક્કલ જ બહેર મારી ગઈ છે ! આ વખતે સારી કમાણી થઈ એટલે મોટર લેવાના થઈ ગયા! કોઈ દોસ્તદારે ચઢાવ્યા લાગે છે. પણ ખબરદાર મારે ત્યાં મોટર આણી છે તો ! મોટર તે સસ્તામાં આવે છે ? અને ખર્ચા પણ કેટલા ? હાંકનારો જોઈએ, પેટ્રોલ જોઈએ, તબેલો જોઈએ અને બગડે ત્યારે ઉપાધી અને આપદા !પટલાણી જરા શાંત પડયાં એટલે પટેલે કહ્યું : તમે કહ્યું તે બધું સાચું, પણ આ તો મફતિયા મોટર છે. પાઈ પણ આપવાની નથી. જુઓ. સાંભળો આ કાગળ. પછી કહેવું હોય તે કહેજો. પટેલે ખુશખુશાલ બની હાથમાંનો કાગળ વાંચવા માંડયો. નીચે પ્રમાણે લખ્યું હતું : વહાલા મિત્ર બકોરપટેલ,

મુંબઈની નોકરી છોડયા પછી હું બે વરસથી અહીં દિલ્હીમાં એક સિનેમામાં મેનેજર છું. પણ હાલમાં એડન ખાતે સારા પગારની નોકરી મળી છે. એટલે આવતે અઠવાડિયે ત્યાં જવા મુંબઈ આવનાર છું. તમને જરૂર મળીશ.બીજું લખવાનું કે, મારી પાસે એક મોટર છે. ગઈ સાલ ખરીદી હતી. ત્રણ માસથી વપરાયા વિના પડી રહી છે. મેં વિચાર કર્યો કે એને વેચી નાખું તે કરતાં કોઈ મિત્રને ત્યાં મૂકતો જાઉં, તો ભવિષ્યમાં મને જ વાપરવા કામ લાગે. મારા એડન વસવાટ દરમિયાન તમે ખુશીથી મોટર વાપરશો. તમારી મરજી હોય તો મને લખશો એટલે મોટર તમારા સરનામે રેલવેમાં મોકલી આપીશ. મોટર કંઈ ફરી ફરીને વસાવાય નહિ તેથી આમ કરૂં છું. બાકી એને વેચું તો સહેજે ચારેક હજાર રૂપિયા મળી જાય. મોટરનું સાંચાકામ થોડું સુધારવાનું છે. પણ છે ઘણી સારી હાલતમાં, તે જાણજો.

જવાબ તરત લખશો. શકરીભાભીને વંદન. સો કુશળ હશો. **લિ. તમારો મિત્ર વાઘેલા**

# ॥ હસવાની મનાઈ છે.... ॥

– **એક સખી** – અલી, આજકાલ બાળ ઉછેર ખૂબ સહેલો થઈ ગયો છે. – **બીજી સખી** – કેવી રીતે ? **પહેલી સખી** – એકદમ સીમ્પલ. બાળકના હાથમાં મોબાઈલ મૂકી દો. બસ, પછી તે ઓટો મેટીકલી ઉછરવા માંડશે. – **પાડોશી** – ભૂરા, જાતે કપડાં ધોવા કરતાં પરણી લેને. ભૂરો – કાકા, મારી કેપીસીટી માત્ર એક માણસનાં જ કપડાં ધોવાની છે.– – **સાસુ** – વહુ બેટા, તમારા પિયરમાં તમને તમારી મમ્મીએ રસોઈ કરવાનું શીખવ્યું નથી ? વહુ – ત્યાં તો કાયમ મારા પપ્પા જ રસોઈ કરે છે. –**શિક્ષક** –તું રોજ મોડો કેમ આવે છે? વિદ્યાર્થી –સાહેબ, રસ્તા પરના બોર્ડને લીધે. શિક્ષક–બોર્ડ પર શું લખ્યું છે ? વિદ્યાર્થી–આગળ શાળા છે એટલે ધીમે ચાલો. – **પત્ની** – (પતિને) – લગ્ન પહેલાં તો મારાં ઘણાં માંગા આવતા હતાં. **પતિ**– તો તેં એ બધાને કેમ ના પાડી હતી ? **પત્ની**–કારણ કે મારે તમારા જેવો નમૂનો જોઈતો હતો. – **બોસ** – તું ઓફિસમાં કામ કરવા આવે છે કે ઊંઘવા? કાલે પણ તું ઊંઘતો હતો. કર્મચારી– સાહેબ આપણી ઓફિસનું વાતાવરણ એટલું બધું શાંત અને ઠંડકભર્યું છે કે મારી આંખો બીડાઈ જાય છે. –**જગુ**– મમ્મી, તમારે મન મારી કેટલી કિંમત? મમ્મી – મારે મન તું લાખોની કિંમતનો, બેટા. જગુ – તો એ લાખોમાંથી મને ૧૦૦ રૂપિયા આપો. મારે આઈસક્રીમ ખાવો છે.

# ચિત્રમાં રંગ પુરો

– અગાવત રિયાબેન



# દેવોનું વૈવિધ્ય : કિસકો લાગુ પાય

## જ્ઞાનજ્યોતિ
શ્રી બિજુભાઈ ભરાડ

સામાન્ય મનુષ્યની આ મૂંઝવણનો ભારત વર્ષમાં જલદી ઉકેલ મળે તેમ નથી. આપણે ત્યાં દેવોના વૈવિધ્ય વિશે ઘણીવાર વિદ્વાનો વચ્ચે રસપ્રદ ચર્ચાઓ થતી સાંભળવામાં આવી છે. સમસ્યા એ નથી કે દેવ – દેવીઓ પારાવાર છે, પરંતુ સમસ્યા એ છે કે એમાંના કોઈ એક જ ચરણે પોતાની શ્રદ્ધાનું મસ્તક ઝુકાવવાનો દઢ સંકલ્પ કરતા – કરતા વર્ષો વીતી જાય છે. સંતોએ અનેકવાર સમજાવ્યું છે કે શ્રદ્ધાનું સરનામું એક જ રાખો, વળી એને બદલાવો નહિ અને શ્રદ્ધાને ઝાંખી ન પડવા દો. પરંતુ પોતાની શ્રદ્ધાને પ્રથમ તો સ્વાર્થથી અલગ પાડવી, ત્યારબાદ શ્રદ્ધા સાથે આત્માનું સર્વકાલીન અનુસંધાન પ્રાપ્ત કરવું અને પછી એ જ શ્રદ્ધાને આધારે જીવન સુખ અનુભવવું આ પ્રક્રિયાઓ સરળ નથી. ભારતમાં તો અનેક દેવ – દેવીઓ છે, સ્વાભાવિક છે કે આપણે કરોડોની વસ્તીરૂપે અહીં હયાત છીએ. પણ આ સૌમાં તેઓ ધન્ય છે જેમણે એક જ ટેક ધરી રાખી છે અને એક જ પ્રકારની ઉપાસના તેઓ કરતા રહે છે. મનુષ્યે શકય એટલા વહેલા પોતાની ભીતરની આ યાત્રા નિશ્ચિત લક્ષ્ય શરૂ કરી દેવી જોઈએ. જુદા જુદા રસ્તે વારંવાર ભટકવાથી કયાંય પહોંચી શકાતું નથી.

# માતૃભક્તિનાં બીજ રોપાયાં

## શ્રી અરવિંદ જીવનધારા
ગુજરાત સાહિત્ય અકાદમી

માતૃભૂમિની ભક્તિનાં બીજ પણ આ વિદેશની ધરતી ઉપર જ એમના અંતરની રોકાયાં. એના નિમિત્ત બન્યા એમના પિતા ડો. હિંદમાં અંગ્રેજો નિર્દોષ લોકો ઉપર જે રીતે અત્યાચારો ગુજારી રહ્યા હતા અને હિંદીઓને જે અન્યાય સહેવો પડતો હતો એ જોઈને ડો. કૃષ્ણધનનો આત્મા પણ કકળી ઊઠયો હતો. તેઓ પોતાના પુત્રોને પત્રોમાં આ અત્યાચારો અને અન્યાયોની વાત લખતા. એટલું જ નહીં પણ હિંદનાં છાપાંઓમાંથી આ જુલમોની માહિતીની કાપલીઓ પણ કાપીને પુત્રોને મોકલાવતા.

આ બધું વાંચીને શ્રીઅરવિંદના અંતરમાં આવી અન્યાયી સરકાર પ્રત્યે આક્રોશ ભભૂકી ઊઠતો. ત્યારે એમના અંતરમાં સંકલ્પ જાગ્યો કે આવી જુલ્મી સરકારનું હિંદ પર શાસન ન હોવું જોઈએ. ત્યારથી જ એમણે એ દિશામાં પ્રયત્નો શરૂ કરી દીધા હતા. ઈંગ્લન્ડમાં જ રહેલા હિંદી વિદ્યાર્થીઓએ અંગ્રેજોના અન્યાયો સામે જેહાદ જગાવવા એક મંડળ ‘ મજલિસ’ સ્થાપ્યું હતું. શ્રી અરવિંદ આ મંડળમાં જોડાઈ ગયા. થોડો વખત તો તેઓ તેના સેક્રેટરી તરીકે પણ રહ્યા હતા. આ મંડળમાં એમણે બ્રિટિશ રાજયની વિરૂધ્ધ કડક શબ્દોમાં ભાષણો આપ્યાં હતાં. શ્રી અરવિંદનાં આ ઉગ્ર ભાષણોની બ્રિટનમાંની હિંદી કચેરીએ નોંધ પણ લીધી હતી અને ત્યારથી જ બ્રિટિશ સરકારે તેમને પોતાના દુશ્મન માની લીધા. અને એ જ કારણે એમને ઘોડેસવારીની પરીક્ષાની ફરી તક પણ ન આપી અને સનંદી આફિસર પણ ન બનાવ્યા. લંડનમાં ક્રાન્તિકારીઓનું એક ગુપ્ત મંડળ પણ ‘લોટસ અન્ડ ડેગર – કમળ અને ખંજરના નામે ચાલતું હતું. શ્રી અરવિંદ આ મંડળમાં પણ જોડાઈ ગયા. આ મંડળના સભ્યોએ બ્રિટિશરોની ભૂમિ ઉપર જ હિંદમાંની બ્રિટિશ સરકારને હાંકી કાઢવા માટે પોતાના સર્વસ્વનું બલિદાન આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. આમ જે શિક્ષણ અંગ્રેજોને હિંદમાં રાજય ચલાવવામાં સહાયક બનવા માટેનું હતું, એ જ શિક્ષણ અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવામાં સહાયક બની ગયું !

# જીવનમાં દુઃખોને પણ ઈશ્વરની પ્રસાદી માની સ્વીકારી લો

## માનસિક શાંતિનાં સચોટ ઉપાયો

સ્વીકારતાં શીખો. તમારા જીવનની પ્રત્યેક ઘટનાને ઈશ્વરની ઈચ્છા – મરજી – માની સ્વીકારી લો. ‘ ઓ પ્રભુ ! તારી ઈચ્છા જ બળવાન છે. જીવનમાં આવતી પ્રત્યેક ચડતી – પડતી તરફ તમારો આ જ પ્રતિભાવ હોવો જોઈએ. ઈશ્વર જ તમારો સાચો મિત્ર – સાથી છે. એ જ તમારો મોટામાં મોટો હિતચિંતક છે. એ જ તમને સારા – નરસા અનુભવો કરાવે છે કે જેથી તમે ઘડાવ અને ઈશ્વરની ઈચ્છા પાર પાડવાનું તીક્ષ્ણ, ઘાટીલું અને અસરકારક હથિયાર – સાધન બનો. ભગવાનના દિવ્ય હાથો વડે તમારી જાતને ઘડાવા દો.

# આદેશાત્મક ચિહ્નો

**હાથલારી માટે પ્રતિબંધ**




**Handcart**

**Prohibited**

આ ચિહ્ન રસ્તા પર હાથલારી ન ચલાવવાનો આદેશ કરે છે.




# ગરીબાઈને પણ ટપી જનારી – ચંદ્રશંકર પ્રા. શુક્લ

## ગાંધી-ગંગા
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

આળસએ હિંદનો એક મોટો ને જૂનો રોગ છે. ગરીબાઈ એ પણ મોટો વ્યાધિ છે જ; પણ ગરીબાઈના મૂળમાં આળસ એક અગત્યનું કારણ છે. હિંદની ગરીબાઈના એક ઈલાજરૂપે ગાંધીજીએ રેંટિયો ને ખાદી બતાવ્યાં. એનો પ્રચાર કરતાં ૧૯૨૪ – ૨૫ ના પ્રવાસોમાં તેમને લોકમાનસનો જે અનુભવ થયો, તે પરથી ચંદ્રશંકર પ્રા.શુકલ

તેમણે કહ્યું કે આપણી પ્રજાનું આળસ એ ગરીબાઈને પણ ટપી જાય તેવું છે. શરીર આળસ કરી નવરૂં પડી રહે, ત્યારે મન કંઈ નવરૂં પડતું નથી. નિરૂદ્યમી માણસનું મન બૂરા વિચારો કરે છે ને પોતાનું તેમ જ બીજાનું સત્યાનાશ વાળે છે. તેથી આપણામાં કહેવત પડી છે કે નવરો બેઠો નખોદ વાળે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે નવરૂં મન શેતાનનું કારખાનું છે. દુનિયામાં થતાં કેટલાં બધાં તોફાનોને ગુના પાછળ નવરા બેકાર માણસોનો હાથ હોય છે, એ વિચારવા જોગ છે.

પ્રાચીન રોમનું સામ્રાજય દેશ પરદેશમાં ફેલાયું, ને ત્યાંથી ખંડણીરૂપે આવતું ગાડેગાડાં અનાજ રોમના પ્રજાજનોને મફત વહેંચી આપવામાં આવતું. જે લોકોઅગાઉ ખેતીની મહેનત મજૂરી કરતાને જોરાવર હતા, તેમને મફત અનાજ મળવાથી તેઓ બેઠાડુ થયા. તેથી રોમમાં એ વર્ગનાં તોફાનો ચાલુ થયાં. મહેનત છોડવાથી પ્રજા વિલાસી ને નબળી બની; એ વસ્તુએ રોમની પડતીમાં ઘણો ફાળો આપ્યો ને જંગલી પણ બળવાન પ્રજાએ ઉત્તરમાંથી આવીને રોમ જીતી લીધું.આપણા દેશમાં પણ મધ્યયુગના આરંભમાં વૈભવ, વિલાસને આળસ વધ્યાં, તેને લીધે જ આપણે લડાઈઓમાં હાર્યા ને પરાધીન બન્યા. મહેનત વિના બેઠે બેઠે ખાવાનું મળે, એ વ્યક્તિ તેમ જ આખી પ્રજા બન્નેને માટે શાપ સમાન છે. સમાજની, દેશની કે જીવનની નવરચના કરવી હોય તો તેને માટે અવિશ્રાંત કામ કરવું જોઈએ. જગતના સર્વ મહાપુરૂષોમાં જો કાંઈ સમાન ગુણ હોય, તો તે અવિરત પરિશ્રમનો જ છે.

# ચાર કુંવારી કન્યાની વાર્તા

## વિક્રમ - વેતાલ
સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

**‘યોગ્ય વર’ માટેની માંગણી કરી.**

મહાદેવજીએ પ્રસન્ન થઈ પોતાના મસ્તકમાંથી એક પુરૂષ ઉત્પન્ન કર્યો. એક કન્યા સમજી કે મહાદેવજીએ વર આપ્યો અને એને વરીને જતી રહી. મહાદેવજીએ પોતાની ભૂજામાંથી એક પુરૂષ ઉત્પન્ન કર્યો. બીજી કન્યા સમજી કે મહાદેવજીએ વર આપ્યો અને એને વરીને જતી રહી. મહાદવેજીએ પોતાના ઉદરમાંથી એક પુરૂષ ઉત્પન્ન કરી ત્રીજી કન્યાને આપ્યો. એ પણ એને વરીને જતી રહી. છેલ્લે મહાદેવજીએ પોતાના ચરણોમાંથી એક પુરૂષ ઉત્પન્ન કરી ચોથી કન્યાને આપ્યો. એ પણ એને વરીને જતી રહી. આમ મહાદેવજીએ ચારેય કન્યાઓની મનોકામના પૂરી કરી અદ્રશ્ય થઈ ગયા.

**સવાલઃ** વેતાલે પ્રશ્ન કર્યો કે – ‘હે રાજન, મહાદેવજીએ પોતાના ચાર જુદા જુદા અંગોમાંથી એક એક પુરૂષ ઉત્પન્ન કરી, કઈ જ્ઞાતિની કન્યાને કયો પુરૂષ આપ્યો હશે એનો મને યોગ્ય જવાબ આપો.’

**જવાબઃ** વિક્રમ રાજા બોલ્યા – ‘ મહાદેવજીએ ચારેય કન્યાઓને એમની જ્ઞાતિના કર્મપ્રમાણે જ પુરૂષ આપ્યા હશે. મસ્તકમાંથી ઉત્પન્ન કરેલ પુરૂષ બ્રાહ્મણ કન્યાને, ભુજામાંથી ઉત્પન્ન કરેલ પુરૂષ ક્ષત્રિય કન્યાને, ઉદરમાંથી ઉત્પન્ન કરેલ પુરૂષ વણિક કન્યાને અને ચરણોમાંથી ઉત્પન્ન કરેલ પુરૂષ કુટ કન્યાને આપ્યો હશે. મારૂ અનુમાન ઠીક છે ને વેતાલ બોલ્યો– ’બરાબર છે, ધન્ય છે તમારા ન્યાયને, પરંતુ મેનનો ભંગ થયો હોવાથી હું તો આ ઉડયો. એમ કહી વેતાલ ઉડીને સિદ્ધ વૃક્ષની ડાળીએ ઉધો લટકી ગયો. બોધ ’’દાન હંમેશા વ્યક્તિને અનુરૂપ જ આપવું જોઈએ.’

# વાર્તા : હું સાચો હતો...

હું સાચો છું, છતાં મને સજા કેમ કરી?– ગુણવંત બરવાળીયા

એક ગામ નજીક જંગલ જેવા વિસ્તારમાં ગર્દભની એક સભામાં તેનો ગર્દભ (ગધેડો) સંશોધન કરી રહ્યો ખ હતો. તેટલામાં ત્યાંથી એક વાઘ પસાર થઈ રહ્યો હતો તે આ ગધેડો શું પ્રવચન કરે છે તે સાંભળવા જિજ્ઞાસાથી ઊભો રહ્યો. પ્રવચનમાં નેતા તેના સભાસદોને કહી રહ્યો હતો કે, જુઓ, આ આખા જંગલમાં ઘાસ બ્લુ કલરનું છે. આ વાદળીરંગી ઘાસ કેટલું સુંદર લાગે છે! સભાના તમામ ગર્દભો તે નેતાની વાતમાં સૂર પુરાવી રહ્યા હતા કે હા, ઘાસનો રંગ બ્લુ છે અને તે સુંદર લાગે છે.

સાંભળીને વાઘ વિચારે છે કે, આ ગધેડો બકવાસ કરે છે અને બધા જ ગધેડા તેમાં હા ભણી રહ્યા છે. તેમની મૂર્ખતા પર તેને હસવું આવ્યું અને પછી તેને ગુસ્સો પણ આવ્યો. ગુસ્સાના આવેશમાં વાઘે ગધેડાને કહ્યું કે, હે મૂર્ખ, તું શું બકવાસ કરી રહ્યો છે ? દરેક જગાએ ઘાસનો રંગ તો લીલો જ હોય અને આ જંગલમાં અને આ આખા વિસ્તારમાં અત્યારે વર્ષાઋતુમાં જે ઘાસ ઊગેલ છે તે બધું જ ઘાસ ગ્રીન કલર – લીલા રંગનું જ છે. તું જૂઠ્ઠું બોલીને તારી ગધેડાની આખી જમાતને ભ્રમમાં કેમ નાખી રહ્યો છે ?નેતા ગર્દભ રાતોપીળો થઈ અને વાઘને કહે છે કે, અમે મૂર્ખ નથી, તું મૂર્ખશિરોમણિ છો. આ આખી પરિષદને પૂછી જો કે ઘાસનો રંગ લીલો છે કે વાદળી ? આ બધા જ તને કહેશે કે ઘાસનો રંગ વાદળી છે. વાઘે ગર્દભ પરિષદને



ઘાસના રંગનો પ્રશ્ન પૂછતાં પરિષદે પ્રત્યુત્તરમાં ’વાદળી’ શબ્દની એવી ગર્જના કરી કે તે શબ્દનો પ્રતિછંદ સમગ્ર જંગલના વાયુમંડળમાં ગુંજવા લાગ્યો. આ પ્રચંડ અવાજના પડઘા સાંભળી વાઘને ગુસ્સો આસમાને ગયો, તે કહે ‘આ મહામૂર્ખની પરિષદ છે.’ આમ બન્ને વચ્ચે ચડસાચડસી, વિતંડવાદ અને શાબ્દીક યુદ્ધ પરાકાષ્ઠાએ પહોંચતાં, વાઘ કહે, ચાલો આપણે રાજા પાસે જઈ આનો ન્યાય કરાવીએ. ગધેડો સહમત થયો. બન્ને જંગલના રાજા સિંહ પાસે ગયા અને ન્યાયની માગણી કરી. સિંહે વાઘને કહ્યું કે, શા વિષયનો વિવાદ છે તેની વાત કરો. બન્ને પક્ષે પોતાની વાત સિંહ પાસે રજૂ કરી. વાઘને વિશ્વાસ હતો કે જીત મારી જ છે, કારણ કે દેખાય જ છે કે ઘાસ લીલું છે. જંગલના રાજા સિંહે ગંભીર મુદ્રા કરી ચૂકાદો આપ્યો કે ગર્દભ જ સાચો છે. ઘાસ વાદળી રંગનું જ છે. વાઘને ચુકાદો સાંભળી આશ્ચર્ય થયું. ગધેડો ગેલમાં આવી હોંચી...હોંચી.. કરી નાચવા લાગ્યો ને કહે કે, હે રાજન ! જૂઠાણા માટે વાઘને શિક્ષા કરો. સિંહ કહે વાઘ, જૂઠાણું ચલાવવા માટેના અપરાધ માટે તને એક મહિનાની સજા ફરમાવું છું કે તારે જંગલમાં બધે ફરવાની મનાઈ છે. દક્ષિણ દિશાની નદીના કિનારાના માત્ર એક માઈલ વિસ્તારમાં જ તારે રહેવાનું છે. સજા સાંભળી ગર્દભો ખુશ થતા ચાલવા લાગ્યા. પછી વાઘ કહે કે રાજન! હું સાચો હતો છતાં મને જૂઠો કેમ કહ્યો ને વળી ઉપરથી સજા કેમ કરી ? સિંહ કહે, તું સાચો ને સમજદાર છો. છતાં તેં આ અક્કલ વગરના ગધેડાઓ સાથે વિવાદમાં ઉતરીને તારી શકિત વેડફી તે અપરાધની તને સજા આપી છે, જેથી ભવિષ્યમાં તું આવું ન કરે. જ્ઞાનીઓએ કહ્યું છે કે, જડમતિવાળા મૂર્ખ લોકો ના સમજે તો તેની સાથે વિવાદમાં ન ઉતરાય. ઉતરીએ તો આપણી શક્તિનો હ્રાસ થાય. ‘ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર’ આવા જડમતિ સાથે દુશ્મનાવટ ન કરવી અને મૂરખોની સાથે શાસ્ત્રાર્થ ન કરવો. તેથી જ કવિ કહે છે કે, ’અરસિકે શુ કવિત્વ નિવેદનમ્, મા, લીખ, મા, લીખ, મા, લીખ.’

હે વિધાતા, અરસિકજનોની સામે કવિતાનું રસદર્શન કરવાનું મારા નસીબમાં ન લખતા.

# આ મારું ચિત્ર છે



કાથડ નિરાલી એચ.
(ધો.૮(બી) રૂપાયતન પ્રા.શાળા–અમરેલી)




દલ આલીયાના અમિનભાઈ
(ધો.૮(બી) રૂપાયતન પ્રા.શાળા–અમરેલી)



મકવાણા હેત બાલુભાઈ
(ધો.૬(એ) રૂપાયતન પ્રા.શાળા–અમરેલી)



દેવગાણીયા ધ્રુવિલ એ.
(ધો.૭(બી) રૂપાયતન પ્રા.શાળા–અમરેલી)

# બાબરામાં વડલીવાળા મેલડીમા મંદિરે મહિલાઓએ માતાજીની આરાધના કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરનાં નિલવલા રોડ કાંઠે આવેલા સુપ્રસિદ્ધ શ્રી વડલીવાળી મેલડીમાં માતાજીનાં મંદિરે આયોજિત ભવ્ય અને દિવ્ય નવરાત્રિ મહોત્સવમાં પાંચમા નોરતે રાસ–ગરબાની ભારે જમાવટ જોવા મળી હતી. હજારોની સંખ્યામાં દીકરીઓ અને મહિલાઓએ પરંપરાગત રાસ– ગરબે ઘૂમીને માતાજીની ભક્તિભાવપૂર્વક આરાધના કરી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહના રંગે રંગાયું હતું. માતાજીનાં ઉપાસક રાજુભાઈ જેઠવાનાં આયોજન હેઠળ યોજાઈ રહેલા આ નવરાત્રિ મહોત્સવમાં બાબરા શહેર સહિત સમગ્ર તાલુકામાંથી મોટી સંખ્યામાં દીકરીઓ, મહિલાઓ અને ભાવિક ભક્તો ઉમટી રહ્યા છે. નવરાત્રિનાં પાંચમા નોરતે વિવિધ આકર્ષક વેશભૂષામાં સજજ થઈને આવેલી દીકરીઓએ ગરબાનાં તાલે રમઝટ બોલાવી હતી. પરંપરાગત ગરબાની સાથે અર્વાચીન ગરબાની ધૂન પર પણ ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યાં હતાં. સૌરાષ્ટ્રનાં સુપ્રસિદ્ધ ગાયક કલાકારોના મધુર કંઠ અને સંગીતનાં સથવારે યોજાતા રાસ–ગરબામાં ભક્તિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. માતાજીના જયઘોષ અને ગરબાના તાલે મંદિર પરિસર ભક્તિમય બની રહ્યું છે. નવરાત્રિનાં પર્વમાં માતાજીની આરાધના સાથે ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાનો સુંદર પ્રયાસ થઈ રહ્યો છે. આ મહોત્સવમાં ઉપસ્થિત તમામ દીકરીઓ, મહિલાઓ અને ભાવિક ભક્તો માટે દરરોજ સાંજે મહાપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, શ્રી વડલીવાળી મેલડીમાં મંદિરે યોજાઈ રહેલો નવરાત્રિ મહોત્સવ શ્રદ્ધા, ભક્તિ, સંસ્કૃતિ અને સામૂહિક એકતાનું પ્રતીક બની રહ્યો છે. દિવસો વીતવાની સાથે અહીં રાસ–ગરબાનો માહોલ વધુનેવધુ ભવ્ય બની રહ્યો છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૦૫ | ૨૦૧૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૬૭૦ | ૧૭૯૦ |
| ૩ | મગફળી | ૧૫૧૧ | ૧૫૭૨ |
| ૪ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૫૧ |
| ૫ | તલ કાળા | ૩૪૪૦ | ૪૨૦૦ |
| ૬ | જીરૂ | ૪૧૬૦ | ૫૩૫૫ |
| ૭ | ચણા | ૧૨૩૪ | ૧૩૨૦ |
| ૮ | ઘઉં | ૫૨૨ | ૫૭૬ |
| ૯ | અડદ | ૧૮૬૦ | ૧૯૫૦ |
| ૧૦ | સોયાબીન | ૧૪૧૧ | ૧૪૩૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગિરનાર શીંગ | ૮૦૦ | ૧૫૬૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૮૫ | ૧૫૯૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૨૦ | ૩૪૫૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૨૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૨૭૭૫ |
| ૭ | બાજરો | ૩૨૫ | ૫૦૫ |
| ૮ | જુવાર | ૧૩૩૦ | ૧૪૧૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૨૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૯૫ |
| ૧૧ | મકાઈ | ૫૧૦ | ૫૧૦ |
| ૧૨ | મગ | ૧૩૯૫ | ૧૫૩૦ |
| ૧૩ | અડદ | ૧૪૦૫ | ૧૯૩૦ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૧૪૯૫ |
| ૧૫ | ચણા દેશી | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૩૦ | ૧૫૨૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૫૫ | ૧૪૫૫ |
| ૧૮ | ચોળી | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૧૯ | તુવેર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૨૦ | કપાસ | ૧૧૮૦ | ૨૦૦૦ |
| ૨૧ | એરંડા | ૧૧૬૦ | ૧૫૯૦ |
| ૨૨ | જીરૂ | ૪૬૦૦ | ૫૧૮૦ |
| ૨૩ | ધાણી | ૨૭૨૦ | ૨૮૨૫ |
| ૨૪ | મેથી | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૨૫ | સોયાબીન | ૧૧૯૦ | ૧૪૯૫ |
| ૨૬ | રજકાનું બી | ૩૦૫૦ | ૭૪૦૦ |
| ૨૭ | કલોંજી | ૩૫૦૦ | ૪૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## શિક્ષકે તેની શાળાની વિદ્યાર્થીની સાથે

શિક્ષકે પોતાની શાળાની એક ૧૩ વર્ષીય વિદ્યાર્થીનીની ઉંમરમાં નાની હોવાનું જાણતા હોવા છતાં તેની સાથે શારીરિક શોષણ કરવામાં આવતો હોવાનો આક્ષેપ છે.

ફરિયાદ અનુસાર, આરોપીએ આ વિદ્યાર્થીનીના હોઠ પર ચુંબન કરી તેમજ કમર અને છાતીના ભાગે અડપલાં કરી જાતીય સતામણી કરી હતી. વધુમાં ગત તા. ૨૧ જુલાઈ, ૨૬ના રોજ સગીરાના જન્મ દિવસે તેણીની મરજી વિરૂદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ માસથી આ સગીરાનું શારીરિક શોષણ કરવામાં આવતું હોવાની પણ ફરિયાદમાં વિગતો સામે આવી છે.

આ ઉપરાંત, આ નરાધમ શિક્ષકે અન્ય ત્રણ વિદ્યાર્થીની સાથે પણ શારીરિક અડપલાં અને જાતીય સતામણી કરી હોવાના આક્ષેપો ફરિયાદમાં કરવામાં આવ્યા છે. એક શિક્ષક પર એકથી વધુ સગીરાઓ સાથે શારીરિક અડપલાં આચર્યાના આક્ષેપો સામે આવતા જાફરાબાદ પંથકમાં ભારે ચકચાર મચી છે.

આ અંગે રાજુલાના વિભાગીય પોલીસ વડા નયના ગોરડીયાએ જણાવ્યું હતું કે, આ શિક્ષક દ્વારા વધુ કોઈ વિદ્યાર્થીનીઓ ભોગ બનેલ છે કે, તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઝડપાયેલ આરોપી શિક્ષક અગાઉ અન્ય જિલ્લામાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતો હોવાની વિગતો પણ સામે આવી છે. હાલ પોલીસે આરોપી રામશંકરભાઈ બટુકભાઈ પંડયા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એફ), ૬૫(૧), ૭૫ તથા પોકસો એકટની કલમ ૪(૨), ૫(એફ), ૬, ૯(એફ), ૧૦, ૧૨ અને ૧૮ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૦૩ | ૧૯૭૧ |
| ૨ | મગફળી | ૧૩૭૦ | ૧૪૬૦ |
| ૩ | અડદ | ૧૪૦૦ | ૧૮૦૧ |
| ૪ | મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૦ | ૧૯૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૬૦ | ૧૭૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૧૧૧ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૧૫ |
| ૫ | જીરૂ | ૪૯૫૦ | ૫૦૫૮ |
| ૬ | કપાસ | ૧૯૦૦ | ૧૯૯૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૯૧ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૫૧૧ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | ચણા | ૧૨૫૦ | ૧૫૭૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૦૫ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૧૯૮૦ |
| ૧૪ | ધાણા | ૨૭૦૦ | ૩૦૦૫ |
| ૧૫ | સોયાબીન | ૧૨૨૦ | ૧૪૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરા નાગરિક બેન્ક દ્વારા

અનકલેઈમ પડેલ સોનાનાં દાગીનાં જેની હાલની બજાર કિંમતે તેનું મુલ્ય રૂા. ૨,૫૦,૦૦૦ જેવી હોય તેવા દાગીનાં મરહુમ સલીમભાઈ રેમાનભાઈ મેતરનાં વિધવા વારસદાર રૂબીનાબેનને જરૂરી પ્રક્રિયા બેંકનાં મેનેજર દ્વારા પુર્ણ કરીને પરત ચુકવતા તેઓ ગદગદીત થઈ ગયેલ અને બેંકની કામગીરીનાં વખાણ કરેલ.

આ તકે રફીકભાઈ રેમાનભાઈ મેતર (સુફી, કેજીએન ટ્રાન્સપોર્ટ)એ નાગરિક સહકારી બેંક લી., બાબરાનાં ચેરમેન, મેનેજર તથા સ્ટાફનો આભાર વ્યકત કરેલ.

પાના ૧ ઉપરનું ચાલું

## રૂપિયા ૫ માં શ્રમિકોને પૌષ્ટિક ભોજન

'શ્રમિક અન્નપૂર્ણા યોજના' અંતર્ગત બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિકો અને તેમના પરિવારજનોને નજીવા દરે પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવાનો ઉદ્દેશ છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને માત્ર રૂા. ૫માં ભોજન આપવામાં આવશે. જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળનો સમાવેશ થાય છે. ઉપરાંત, અઠવાડિયામાં એક વખત સુખડી જેવા મિષ્ટાનનો પણ ભોજનમાં સમાવેશ કરવામાં આવે છે.

અમરેલી જિલ્લામાં શ્રમિકોને આ યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે માટે અમરેલી ઉપરાંત સાવરકુંડલામાં ગાંધી ચોક ખાતે, રાજુલામાં સિવિલ હોસ્પિટલ પાસે, ધારીમાં નવી વસાહત રોડ પર પીકઅપ સ્ટેન્ડ પાસે તેમજ કુંકાવાવમાં જૂના બસ સ્ટેશન પાસે આવેલા કડિયા નાકા ખાતે પણ શ્રમિક અન્નપૂર્ણા બૂથ શરૂ કરવામાં આવ્યાં છે.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઈ–નિર્માણ પોર્ટલ પર નોંધાયેલા બાંધકામ શ્રમિકો આ યોજનાનો લાભ લઈ શકશે. લાભાર્થીએ પોતાનું ઈ–નિર્માણ કાર્ડ લઈને ભોજન કેન્દ્ર પર જવાનું રહેશે. કાર્ડ પર દર્શાવેલા નંબર અથવા કયુ.આર. કોડનું સ્કેનિંગ કરાવીને રૂા. ૫માં ભોજન મેળવી શકાશે. શ્રમિકો આ ભોજન કેન્દ્ર પર બેસીને જમવા ઉપરાંત ટિફિનમાં ઘરે પણ લઈ જઈ શકશે

જે બાંધકામ શ્રમિકો પાસે ઈ–નિર્માણ કાર્ડ ઉપલબ્ધ ન હોય, તેમના માટે પણ બૂથ ખાતે જ હંગામી નોંધણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આવા શ્રમિકો હંગામી નોંધણી કરાવીને ૧૫ દિવસ સુધી ભોજનનો લાભ મેળવી શકશે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના બાંધકામ શ્રમિકોને પોષણક્ષમ ભોજન ઉપલબ્ધ કરાવવાની સાથે તેમના રોજિંદા જીવનમાં આર્થિક રાહત પૂરી પાડવામાં સહાયક બની રહી છે. શ્રમિકો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે જિલ્લામાં શરૂ કરવામાં આવેલા વિવિધ બૂથ ઉપયોગી બનશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, અમરેલી તાલુકાના અગ્રણી મધુભાઈ હરખાણી, વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૪૪ | ૧૯૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૨૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૪૪ | ૫૪૪ |
| ૪ | અડદ | ૧૬૦૦ | ૧૬૫૦ |
| ૫ | મગફળી | ૧૨૦૦ | ૧૪૧૭ |
| ૬ | ચણા | ૧૨૬૦ | ૧૫૦૦ |
| ૭ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૮ | ચોળી | ૯૯૦ | ૯૯૦ |
| ૯ | સોયાબીન | ૧૧૯૭ | ૧૩૭૫ |
| ૧૦ | તલ કાળા | ૧૫૦૦ | ૩૮૬૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૬૯૦ | ૨૭૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં જીત ભાવેશભાઈ મહેતા

ધરતી પર આવી પ્રતિભાઓનું ઘડતર થાય અને યુવાનો અભ્યાસની સાથે રમતગમતમાં પણ નવી ઊંચાઈઓ સર કરે, તે સમગ્ર જિલ્લા માટે ગૌરવની બાબત છે. જીતની આ સફળતા અન્ય યુવાનોને પણ પોતાના સપનાઓ પ્રત્યે સમર્પિતરહેવા, પડકારોનો સામનો કરવા અને પોતાની ક્ષમતાને ઓળખવા પ્રેરણા આપશે. આગામી સમયમાં પણ તેઓ શિક્ષણ અને રમતગમત બંને ક્ષેત્રોમાં પ્રગતિના નવા શિખરો સર કરે, એક સફળ ડોકટર તરીકે સમાજની સેવા કરે અને એક પ્રતિભાશાળી ખેલાડી તરીકે અમરેલી જિલ્લાનું નામ રોશન કરતા રહે તેવી હૃદયપૂર્વક શુભેચ્છાઓ.

## બાબરાના મહે. જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ. બાબરા

અરજદાર :– **કેશવભાઈ છગનભાઈ કાવઠીયા** ફ.પ.અ.નં. : ૨૭૩/૨૦૨૬
રહે. વલારડી, તા. બાબરા, જિ.અમરેલી. મુદ્દત તારીખ:–૧૯/૧૧/૨૦૨૬

:: **વિરૂધ્ધ** ::

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, વલારડી
મુ. વલારડી, તા.બાબરા, જિ.અમરેલી

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જે.બી. કારેટીયા**

**–: નોટિસ :–**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર **કેશવભાઈ છગનભાઈ કાવઠીયા** રહે વલારડી, તા. બાબરા, જી. અમરેલીવાળાએ અરજદારના બેન **જયાબેન છગનભાઈ કાવઠીયા** ની જાતે જન્મનોંધ કરી જન્મનો દાખલો કાઢવાનો હોય જેની જન્મ તારીખ : તા. ૦૧/૧૨/૧૯૫૯ ના રોજ વલારડી, તા. બાબરા મુકામે થયેલ હોય અને શરતચુકના કારણે જન્મનોંધ કરાવેલ ન હોય જેથી સદરહું **જન્મ નોંધણી** કરાવવાનો હુકમ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જે અરજીની **મુદ્દત તારીખઃ– ૧૯/૧૧/૨૦૨૬** રાખેલ હોય તો જે કોઈ ઈસમોને વાંધો તકરાર હોય તેમણે મુદ્દત તારીખનાં રોજ અત્રેની બાબરા કોર્ટમાં સવારનાં ૧૦:૩૦ કલાકે જાતે યા માહિતીગાર વકીલ મારફતે હાજર રહેવું અન્યથા આગળ ની યોગ્ય ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૨/૧૦/૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | અમારા રૂબરૂ |
|---|---|---|---|
| (એમ.વી. સરૈયા) | સિક્કો | (એચ.કે. બામ્ભા) | (આર.જે. જોષી) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર |
| જયુડી. મેજી. ફ.ક.કોર્ટ, બાબરા | | જયુડી. મેજી. ફ.ક.કોર્ટ, બાબરા | જયુડી. મેજી. ફ.ક.કોર્ટ, બાબરા |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૭૫ | ૧૯૬૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૫૦ | ૧૫૫૧ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૩ | કપાસ | ૧૫૫૧ | ૧૯૬૪ |
| ૪ | બાજરો | ૪૭૧ | ૫૩૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૧૬ |
| ૬ | જુવાર | ૮૦૧ | ૧૪૬૧ |
| ૭ | અડદ | ૧૬૦૧ | ૧૮૨૧ |
| ૮ | ચણા | ૧૧૦૧ | ૧૧૪૧ |
| ૯ | સોયાબીન | ૧૩૭૫ | ૧૪૨૬ |

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૫મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૯૫મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીનાં માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું ચાડીયા તથા સરકારી હોમિયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલીનાં સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પ.પૂજય ડો. રતિદાદાનાં આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય, બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થનાં કરી હતી સાથે વ્યસનમુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી. સ્વ. હંસાબેન ભાયાણીની યાદમાં હસ્તે ભાયાણી પરિવાર યુ.કે.નાં આર્થિક સહયોગથી, રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીનાં સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખનાં દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૨૪ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ડો. મહેતા દ્વારા અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવી. દંતયજ્ઞમાં ડો. ઈશાબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ તથા ડો. આરતીબેનએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી

# અમરેલીમાં વિહિપ અને નગર ટીમ વિવિધ શેરી ગરબી મંડળોની મુલાકાતે






નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈની સૂચના અનુસાર તથા જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, સહમંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી અને નગર મંત્રી પંકજભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી જિલ્લા અને નગરની ટીમ તેમજ તમામ આયામોના કાર્યકર્તાઓ દ્વારા અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં આયોજિત શેરી ગરબીઓની મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત રોકડિયા પરા વિસ્તારનાં જય અંબે યુવક મંડળ, પંચદેવ યુવક મંડળ અને નવદુર્ગા યુવક મંડળ, સરદાર ચોક તથા ગજેરા પરા વિસ્તારનાં સરદાર નગર શેરી નં. ૧ ગ્રુપ, ખોડિયાર યુવક મંડળ, કમલેર ગ્રુપ, શ્યામ યોગ યુવક મંડળ અને રામેશ્વર યુવક મંડળ; સંકુલ રોડ, બહારપરા તથા ટાવર ચોક વિસ્તારનાં નીલકંઠ સોસાયટી, શિવશક્તિ મંડળ, જય અંબે યુવક મંડળ, મચ્છુ મા યુવક મંડળ અને કંસારા યુવક મંડળ દ્વારા આયોજિત ગરબીમાં ઉપસ્થિત રહી માતાજીનાં દર્શન કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ગરબી મંડળોના આયોજકોને દુર્ગા માતાજીનો ફોટો, શ્રીફળ, સાકરનો પડો તથા માતાજીની ચુંદડી અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ વિવિધ ગરબી સ્થળોએ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. ખાસ કરીને નીલકંઠ સોસાયટી અને મચ્છુ મા યુવક મંડળ ખાતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું શસ્ત્રપૂજનની ધાર્મિક વિધિ વિશ્વ હિન્દુ પરિષદના શ્રી આશિષભાઈ (દાદા) જોષી દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી જિલ્લાના કોષાધ્યક્ષ તથા વક્તા ડો. પંકજભાઈ ત્રિવેદીએ વિશ્વ હિન્દુ પરિષદના વિવિધ આયામો, તેમની કામગીરી, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ તથા સંગઠનના હેતુઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે શેરી ગરબીના આયોજકો દ્વારા કરવામાં આવતી ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને બિરદાવીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષા ગોપીબેન રાઠોડ, દુર્ગા વાહિની સહ સંયોજીકા હિરલબા વાળા, નગર ઉપાધ્યક્ષ રવિભાઈ પંડયા,ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ વાઢેર, લાલજીભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ કાબરિયા, જયદીપભાઈ બતાડા, હીરલભાઈ બતાડા, સાગરભાઈ વણઝારા, મયુરભાઈ સોલંકી, કેતનભાઈ ટાંક, પ્રશાંતભાઈ પરમાર, ઓમભાઈ કાબરિયા, મહાદેવભાઈ ઠાકર, દેવભાઈ મકવાણા, અજયભાઈ રાઠોડ, વિનયભાઈ વંડાગર, ઓમભાઈ નાલગે, ધવલભાઈ મૈસૂરિયા, ધ્રુવભાઈ મૈસૂરિયા, રોનકભાઈ અગ્રાવત, અર્જુનભાઈ રામાવત, મંત્રવ્યભાઈ ગોસ્વામી, રવિભાઈ જોષી, કરણભાઈ વરૂ, કિશનભાઈ ચાવડિયા અને પાર્થભાઈ રામાવત, સંજયભાઈ મકવાણા અમરેલી નગર માતૃશક્તિ સંયોજિકા આરતીબેન ચોવટિયા, સહ સંયોજિકા પૂર્વીબેન ગોહિલ, મંજુબેન મકવાણા, વિશાખાબેન મકવાણા, રત્નાબેન મારૂ અને હીરવાબેન મારૂ, દિપાલીબેન મકવાણા સહિત પરિષદના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. નવરાત્રીના પાવન પર્વ દરમિયાન યોજાયેલી આ મુલાકાતો દ્વારા શેરી ગરબીના આયોજકોને પ્રોત્સાહન આપવા સાથે ધાર્મિક પરંપરાઓ, ભારતીય સંસ્કૃતિ અને સંગઠનાત્મક જાગૃતિને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અને FWWBના સંયુક ઉપક્રમે એફ.પી.ઓ. માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો




અમરેલી, તા. ૧૬

અમરેલી ખાતે આવેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગઅને FWWB સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાના એફ.પી.ઓ. (FARMER PRODUCER ORGANIZATIONS-FPO) માટે એક વિશેષ ઓરિએન્ટેશન પ્રોગ્રામનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ત્રણેય જિલ્લાના એફ.પી.ઓ. અને વિવિધ સંસ્થાઓ માંથી ૮૦ થી વધુ ખેડૂત મિત્રો, સીઈઓ તેમજ આમંત્રિત મહેમાનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિઆ પ્રસંગે આ જિલ્લાઓમાં ફંડિંગ અને ફાઈનાન્સિયલ સપોર્ટ પૂરો પાડતી સંસ્થા સુપ્રજા ફાઉન્ડેશન માંથીડો. કેદાર અને ડો. વેંકટેશ તગત, FWWB સંસ્થામાંથી એસ. એસ. ભટ્ટ, FWWB અમરેલીના સ્ટાફ મેમ્બરો તેમજ કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ભૌમિક મકવાણા અને ડો. કે. વી. મસાલિયા સહિત કોલેજના શૈક્ષણિક સ્ટાફના મિત્રો હાજર રહ્યા હતા.એફ.પી.ઓ. મજબૂતીકરણઅને બ્રાન્ડિંગ પર ભાર કાર્યક્રમ દરમિયાન એફ.પી.ઓ.ને સંગઠનાત્મક રીતે વધુ મજબૂત (સ્ટ્રેન્થનીંગ) બનાવવા અને બજારમાં ટકી રહેવા માટેની આગવી વ્યુહરચનાઓ વિશે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન સંસ્થાના દીક્ષિતભાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. મહેમાનોએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને માત્ર ઉત્પાદન પૂરતું સીમિત ન રહેતા, પોતાની ખેતીને એક 'બ્રાન્ડ' બનાવવાઅને ઉત્પાદનોનુંમૂલ્ય વર્ધન (VALUE ADDITION) કરવા માટે આહ્વાન કર્યું હતું.તેમજ કાર્યક્રમ દરમિયાન સુપ્રજા ફાઉન્ડેશનના ડો. કેદાર અને ડો. વેંકટેશ તગતે ખાસ ઉલ્લેખ કરીને આ જિલ્લાઓમાંથી આવેલી બહેનોના કાર્યો તેમજ તેમની અદભુત માર્કેટિંગ સ્કીલની વિશેષ પ્રશંસા કરી હતી.

વિદ્યાર્થીઓની કામગીરી અને શૈક્ષણિક કાર્યોની પ્રશંસા કાર્યક્રમના ભાગરૂપે તમામ ઉપસ્થિતોએ કોલેજના સંશોધન ફાર્મની મુલાકાત લીધી હતી. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડેમોન્સ્ટ્રેશન સ્ટોલ પર દેશી બિયારણ અંગેની કામગીરી અને પ્રાકૃતિક ખેતીના પ્રત્યક્ષ પરિણામો જોઈને મહેમાનો પ્રભાવિત થયા હતા. યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. સી. કે. ટીંબાડિયાની પ્રેરણા અને આચાર્યના કુશળ નેતૃત્વ હેઠળ ચાલી રહેલા કોલેજના શૈક્ષણિક અને સંશોધનના કાર્યોને મહાનુભાવોએ મુક્તકંઠે બિરદાવ્યા હતા અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન આપ્યા હતા.ફાર્મ અને પ્રયોગશાળાની મુલાકાત તેમજ સંવાદ મહેમાનોએ કોલેજ ફાર્મ પર વાવેલા દેશી બાજરી, ડાંગર અને વિવિધ મિશ્રપાક પદ્ધતિઓ (જેમ કે ડાંગર, શણ, કેળ સાથે તુવેર અને હળદર)ના ડેમો પ્લોટ તેમજ બાયો ઈનપુટ પ્રયોગશાળાની રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત, સુપ્રજા ફાઉન્ડેશન અને FWWBના મહેમાનોએ કોલેજના વિદ્યાર્થીઓ સાથે ખાસ સંવાદ (INTERACTION) સાધીને તેમના અનુભવો અને વિચારો જાણ્યા હતા, તેમજ ભવિષ્યમાં નેચરલ ફાર્મિંગના ક્ષેત્રમાં રહેલી વિપુલ તકો અને સ્કોપ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ પરિવારના હરદીપ વાલિયા, શૈલેષ બારડ અને મોદી ભાસ્કર, હિમાનીબેન ગજેરા તેમજ FWWB ટીમમાંથી દીક્ષિતભાઈ, રામ લાખનોત્રા, અનિરૂધ્ધભાઈઅને તેમની સહયોગી ટીમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

### પીએમ કિસાન યોજનાનો આગામી હપ્તો મેળવવા

## ખેડૂતો માટે ફાર્મર રજિસ્ટ્રેશન ફરજિયાત

### ખેડૂત ખાતેદારોને તાત્કાલિક ફાર્મર રજિસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ

અમરેલી, તા. ૧૬

ભારત સરકાર દ્વારા ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર એગ્રીકલ્ચરના ભાગરૂપે એગ્રીસ્ટેક પ્રોજેકટ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રાજયના તમામ ખેડૂતોની નોંધણી માટે વર્ષ ૨૦૨૪–૨૫થી ફાર્મર રજિસ્ટ્રી અમલમાં મૂકવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડીની જેમ ૧૧ અંકનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે.

ફાર્મર રજિસ્ટ્રીનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજય સરકારની કૃષિલક્ષી વિવિધ કલ્યાણકારી અને સહાયકારી યોજનાઓના લાભ ખેડૂતોને સરળતાથી, પારદર્શક રીતે અને સમયસર ઉપલબ્ધ કરાવવાનો છે. ફાર્મર રજિસ્ટ્રેશન દ્વારા ખેડૂતોની વિગતોનું ડિજિટલ સંકલન કરીને સરકારી યોજનાઓના લાભ મેળવવાની પ્રક્રિયા વધુ સરળ અને સુવ્યવસ્થિત બનાવવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ પીએમ–કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી હપ્તો મેળવવા ફાર્મર રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. આ ઉપરાંતકેન્દ્ર અને રાજય સરકારની વિવિધ કૃષિ સહાયકારી યોજનાઓના લાભ સરળતાથી મેળવવા માટે પણ ફાર્મર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આથી, અમરેલી જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને સમયસર યોજનાકીય લાભો મેળવવા માટે વહેલી તકે ફાર્મર રજિસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

ખેડૂતો પોતાના ગામના વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વીસીઈ), વિલેજ લેવલ એન્ટરપ્રિન્યોર (વીએલઈ) અથવા જનસેવા કેન્દ્ર મારફતે ફાર્મર રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ ઉપરાંત ખેડૂતો પોતાના મોબાઈલ ફોન દ્વારા https://.agristack.gov.in વેબસાઈટ પર જઈને જાતે પણ ઓનલાઈન સેલ્ફ રજિસ્ટ્રેશન કરી શકે છે. નોંધણી કરાવવા માટે ખેડૂતોએ આધાર કાર્ડ, આધાર સાથે લિંક થયેલો મોબાઈલ નંબર અને ખેતીની જમીનની વિગતો સાથે રાખવાની રહેશે.

અમરેલી જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને ખાસ અપીલ કરવામાં આવે છે કે, પીએમ કિસાન યોજનાના આગામી હપ્તા સહિત કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ કૃષિલક્ષી સહાયકારી યોજનાઓના લાભ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે પોતાનું ફાર્મર રજિસ્ટ્રેશન તાત્કાલિક કરાવી લે. જે ખેડૂતોએ હજુ સુધી નોંધણી કરાવી નથી, તેઓ નજીકના વીસીઈ/વીએલઈ અથવા જનસેવા કેન્દ્રનો સંપર્ક કરી જરૂરી દસ્તાવેજો સાથેનોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરે અને પોતાનો ૧૧ અંકનો યુનિક ફાર્મર આઈડી મેળવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### ઉર્જા અને કાયદા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે

## ધારી તાલુકાના વીરપુર મુકામે ૧૨ કરોડના ખર્ચે તૈયાર થનાર ૬૬ કે.વી સબસ્ટેશનનું ખાતમુહૂર્ત

### અમરેલી જિલ્લામાં ૧૪ જેટલા નવા સબસ્ટેશનો કાર્યરત કરવાનું સરકારનું આયોજન




અમરેલી, તા. ૧૬

રાજયના ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્ હસ્તે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના વીરપુર મુકામે રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે નવનિર્માણ પામનારા ૬૬ કે.વી. સબસ્ટેશનનું ભવ્ય ખાતમુહૂર્ત ધારાસભ્ય જે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિતના અગ્રણીઓ, પદાધિકારીઓ તથા જેટકો અને પીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ખાતમુહૂર્ત પ્રસંગે સંબોધન કરતાં ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડિયાની સતત અને સક્રિય રજૂઆતોને પગલે રાજય સરકાર દ્વારા વીરપુર ખાતે આ મહત્વપૂર્ણ સબસ્ટેશનને મંજૂરી આપવામાં આવી છે. રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે આકાર પામનારા આ ૬૬ કે.વી. સબસ્ટેશનથી વીરપુર, માધુપુર, ગઢીયા અને નાની ધારી એમ કુલ ૪ ગામોને સીધો લાભ મળશે. આ વિસ્તારના ૨,૪૪૫થી વધુ સામાન્ય ગ્રાહકો તેમજ ૧,૫૦૦થી વધુ ખેતીવાડી વીજ જોડાણોને પૂરતા વીજ દબાણથી (વોલ્ટેજ) સાતત્યપૂર્ણ વીજળી પ્રાપ્ત થશે અને વિસ્તારના વીજ સંબંધિત પ્રશ્નોનો કાયમી ઉકેલ આવશે.

મંત્રીએ અમરેલી જિલ્લાના વીજ માળખા અંગે વિસ્તૃત માહિતી આપતાં ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સરકાર છેવાડાના વિસ્તારો સુધી સુદ્રઢ વીજ વ્યવસ્થા પહોંચાડવા પ્રતિબદ્ધ છે. આગામી સમયમાં સમગ્ર અમરેલી જિલ્લામાં ૧૪ જેટલા નવા સબસ્ટેશનો મંજૂર કરી કામગીરી આગળ ધપાવવાનું આયોજન હાથ ધરાયું છે. જિલ્લામાં ડાંગાવદર, મુંજીયાસર ખાતે ૬૬કે.વી. તેમજ વાઘણીયા અને થોરી ખાતે ૨૨૦ કે.વી. જેવા સબસ્ટેશનો થકી સમગ્ર નેટવર્ક મજબૂત કરાઈ રહ્યું છે, જેથી આગામી ૨૦ વર્ષ સુધી જિલ્લામાં વીજળીની કોઈ સમસ્યા ન રહે તેવું આયોજન છે.

આ ઉપરાંત, ખેડૂતોના હિતમાં રાજય સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયોની ચર્ચા કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, સૌની યોજના અંતર્ગત પાઈપલાઈન વિસ્તારવાના કામ માટે રૂ. ૧૫૦ કરોડથી વધુ રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે, જેનાથી તળાવો ભરી ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરૂ પાડવામાં આવશે.

આ પ્રસંગે વીરપુર મુકામે રૂપિયા ૨૫ લાખના અંદાજિત ખર્ચે નિર્માણ પામેલ ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પૂજય મહાવીર બાપુ, પૂર્વ ધારાસભ્ય અને અગ્રણી મનસુખભાઈ, પ્રાંત અધિકારી અર્પણ ચાવડા, જિલ્લા પંચાયત સદસ્ય ઘનશ્યામભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ મહેશભાઈ સાવલિયા, તાલુકા અગ્રણી મૃગેશભાઈ કોટડીયા, ગામના સરપંચ નીલુબહેન જોશી, જેટકોના ઉચ્ચ અધિકારી કુબાવત, પરમાર, પી.જી.વી.સી.એલના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને ખેડૂત મિત્રોઉપસ્થિત રહ્યા હતા.

### ઉર્જા અને કાયદા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે

## ધારી તાલુકાના માધુપુર ગામે ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ

### ગ્રામ પંચાયત ભવનથી ગ્રામજનોને મળશે વધુ સારી સુવિધાઓ



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના માધુપુર ગામે ઊર્જા અને કાયદા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે આશરે રૂ. ૧૭ લાખના ખર્ચે નિર્મિત ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવા ગ્રામ પંચાયત ભવનના નિર્માણથી ગ્રામજનોને સ્થાનિક સ્વરાજયની વિવિધ સેવાઓ વધુ સુલભતાથી મળી રહેશે.

આ પ્રસંગે રાજય સરકાર દ્વારા લેવામાં આવેલા વિકાસલક્ષી નિર્ણયોનો ઉલ્લેખ કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, સૌની યોજના અંતર્ગત પાઈપલાઈન વિસ્તારવાના કામ માટે રૂ. ૧૫૦ કરોડથી વધુ રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ કામગીરીથી તળાવો ભરીને ખેડૂતોને સિંચાઈ માટે પાણીપુરૂ પાડવામાં મદદ મળશે. અમરેલી જિલ્લામાં સૌની યોજનાની પાઈપલાઈનની સોર્સથી હાલની ત્રણ કિલોમીટરની વિસ્તાર મર્યાદા વધારીને સાત કિલોમીટર સુધી કરવામાં આવશે, જેના પરિણામે પાણીની ઉપલબ્ધતા વધારવા અને ખેતીને વધુ સુવિધાજનક બનાવવા માટે મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવશે.

તેમણે ઉમેર્યુ હતું કે, અમરેલી જિલ્લાના નાગેશ્રીથી શરૂ થતા નેશનલ હાઈવેના અપગ્રેડેશન માટે સાંસદની રજૂઆતને સફળ પ્રતિસાદ મળ્યો છે. આગામી દિવસોમાં આશરે રૂ. ૨,૧૫૨ કરોડના ખર્ચે નેશનલ હાઈવેનું નીવનિકરણ થશે. આમ સરકાર અમરેલી જિલ્લાના વિકાસ માટે અનેકવિધ કામો મંજૂર કરી રહી છે.

આ પ્રસંગે મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે માધુપુર ગામે લોખંડી પુરૂષ અને દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, ઘનશ્યામભાઈ હીરપરા, તાલુકા પંચાયતના સભ્ય કિશોરભાઈ ડોબરિયા, ધારીના પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ, સરપંચ વિક્રમભાઈ જીયાણી સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપ નેતાનો ચોંકાવનારો દાવો

## મસ્કના ઈશારે ભારતમાં CJPનું આંદોલન થઈ રહ્યું છે

### ઉન્નાવમાં ભાજપ નેતા બ્રિજભૂષણ શરણ સિંહે 'લહેરા દો તિરંગા' પ્રદર્શનને લઇને એલોન મસ્ક પર આરોપો લગાવ્યા

લખનૌ, તા.૧૬

ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં ભાજપના નેતા બ્રિજભૂષણ શરણ સિંહે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના 'લહેરા દો તિરંગા' પ્રદર્શનને લઈને એલોન મસ્ક પર ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો કે આ આંદોલન મસ્કના ઈશારે ચલાવવામાં આવી રહ્યું છે અને તેની પાછળ ભારત વિરુદ્ધ મોટું કાવતરું છે. જોકે, આ આરોપના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ કરવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી નથી. બ્રિજભૂષણે કહ્યું કે ભારતની સરખામણી બાંગ્લાદેશ અને પાકિસ્તાન સાથે કરવામાં આવી રહી છે. તેમના મતે, દેશની સર્વોચ્ચ અદાલત પર દબાણ લાવવાના ઈરાદાથી આ પ્રકારની માર્ચ યોજાઈ રહી છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે કેટલીક વિદેશી કંપનીઓ ભારતમાં વેપાર કરવા માગે છે, પરંતુ પોતાની શરતો પર, અને આંદોલનને પણ આવી તાકાતો પ્રોત્સાહન આપી રહી છે.

મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકને ભારતમાં વ્યાવસાયિક સેવા શરૂ કરવા માટે જરૂરી મંજૂરીઓની પ્રક્રિયાને લઈને અગાઉથી ચર્ચા ચાલી રહી છે. મસ્કે ભારતના ટેલિકોમ ક્ષેત્રમાં સ્પર્ધા અને મંજૂરીમાં થતા વિલંબ અંગે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી અંગે પણ ટિપ્પણી કરી હતી. કેન્દ્ર સરકારે પક્ષપાતના આરોપો નકારી કાઢતાં જણાવ્યું હતું કે સ્ટારલિંકે રાષ્ટ્રીય સુરક્ષા અને સ્પેક્ટ્રમ સંબંધિત નિયમનકારી પ્રક્રિયાઓ પૂર્ણ કરવી જરૂરી છે.

બીજી તરફ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે સ્પર્ધાનું સ્વાગત કરતાં કહ્યું હતું કે વિદેશી કંપનીઓએ પણ ભારતના કાયદા અને નિયમોનું પાલન કરવું પડશે. કંપનીની પોતાની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા પણ મંજૂરીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી હોવાનું જણાવાયું હતું. બ્રિજભૂષણના નિવેદનથી CJPના વિરોધ પ્રદર્શન અને સ્ટારલિંકના વ્યાપારી હિતોને જોડતી રાજકીય ચર્ચા વધુ તેજ બની શકે છે.

### કોકરોચ જનતા પાર્ટીની તિરંગા માર્ચ વચ્ચે દિલ્હી પોલીસે મોટી કાર્યવાહી

## વિરોધ પહેલા જ દિલ્હી પોલીસે અભિજીત દિપકે અને નેહા બોરાની કરી અટકાયત

નવી દિલ્હી, તા.૧૬

તિરંગા માર્ચ કાર્યક્રમ પહેલા પોલીસે અભિજીત દિપકેની અટકાયત કરી હતી. તેનો એક વીડિયો સામે આવ્યો છે. દિપકે શરદ પવાર જૂથના પ્રવક્તા અનિશ ગવંડેના નિવાસસ્થાનેથી ત્રિરંગા ધ્વજ સાથે બહાર નિકળે છે. અહીં તેનો સામનો પોલીસ સાથે થાય છે અને તેને રોકવામાં આવે છે. પોલીસ કહે છે કે તેમને પ્રિવેંટિવ ડિટેન કરવામાં આવે છે. તેના પર દિપકે સવાર પૂછે છે કે કેમ? પોલીસ તેને કહે છે કે BNSS ની કલમ ૧૬૩ ત્યાં અમલમાં છે, તેથી તેઓ ત્યાં જઈ શકતા નથી.

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેની દિલ્હી પોલીસે અટકાયત કરી છે. AISA પ્રમુખ નેહા બોરાની પણ અટકાયત કરવામાં આવી છે. પોલીસે શુક્રવારે સાંજે આ કાર્યવાહી કરી હતી. CJP સભ્યો સૌરવ દાસ અને આશુતોષ રાંકાની ધરપકડ બાદ અભિજીત દિપકેએ દિલ્હીના કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્કમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી. જોકે, શુક્રવારના વિરોધ પહેલા પોલીસે અભિજીત દિપકેની અટકાયત કરી હતી. અહેવાલો અનુસાર, દિલ્હી પોલીસે દીપકેને પ્રિવેંટિવ કસ્ટડીમાં રાખ્યા હતા. સેન્ટ્રલ પાર્ક જતા સમયે તેની અટકાયત કરવામાં આવી હતી. નેહા બોરાની મંડી હાઉસ ખાતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

દિલ્હી પોલીસે શુક્રવારે અભિજીત દિપકેના ઘરે બે નોટિસ પાઠવી હતી. નવી દિલ્હી દ્વારા દિલ્હી પોલીસ અધિનિયમ હેઠળ એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં તેમને સેન્ટ્રલ પાર્કની મુલાકાત ન લેવાની સૂચના આપવામાં આવી હતી, જ્યાં CrPC ની કલમ ૧૬૩ લાગુ પડે છે. દક્ષિણપશ્ચિમ દિલ્હી પોલીસે બીજી નોટિસ જારી કરી હતી, જેમાં અભિજીતને જાણ કરવામાં આવી હતી કે અભિજીત, આશુતોષ અને સૌરવને એરપોર્ટ પરથી પ્રિવેંટિવ કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ બંધનમાં બંધાયેલા છે અને કોર્ટે તેમને એક વર્ષ સુધી કોઈપણ અશાંતિ ન ફેલાવવાનો આદેશ આપ્યો છે. દિલ્હી પોલીસ શુક્રવારે સંપૂર્ણપણે તૈયાર હતી કનોટ પ્લેસ અને સેન્ટ્રલ પાર્ક તેમજ સમગ્ર મધ્ય દિલ્હીને મજબૂત બનાવવામાં આવ્યું છે.

સમગ્ર વિસ્તારમાં ૬,૦૦૦ થી વધુ દિલ્હી પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. CAPFની ૨૨૦ કંપનીઓ સંપૂર્ણપણે તૈયાર છે. સેન્ટ્રલ પાર્ક અને રાજીવ ચોકની આસપાસ ૧૦ થી વધુ નવા ઝઝ્ઝ્ફ કેમેરા લગાવવામાં આવ્યા છે. કનોટ પ્લેસ, રાજીવ ચોક, સેન્ટ્રલ પાર્ક, જંતર મંતર અને પાલિકા બજાર સહિત દિલ્હીના મુખ્ય વિસ્તારોમાં પોલીસ અને અર્ધલશ્કરી દળો સંપૂર્ણપણે તૈનાત કરાય હતા. માર્ચ ન કરવાને લઈને દિલ્હી પોલીસે શુક્રવારે દીપકેને નોટિસ ફટકારી હતી. માર્ચ શરૂ થવાની કલાકો પહેલાં પોલીસના ૨૦થી વધુ જવાનો કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજીત દીપકેના આવાસ પર પહોંચ્યા અને પ્રદર્શન ન કરવાની નોટિસ આપી. અધિકારીઓ અનુસાર કનોટ પ્લેસમાં ૧૬૩ લાગૂ છે, આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ બજાર, હોસ્પિટલ અને મહત્વની સરકારી ઈમારત હોવાની સાથે-સાથે ભાગદોડ મચવાની આશંકાનો હવાલો આપ્યો હતો. સીજેપીએ સાંજે પાંચ કલાકે કનોટ પ્લેસ સ્થિત સેન્ટ્રલ પાર્કમાં લહેરા દો તિરંગા માર્ચ બોલાવી હતી. પરંતુ નવી દિલ્હી નગર પાલિકા પરિષદે ૧૬ અને ૧૭ ઓક્ટોબર માટે સેન્ટ્રલ પાર્કને બંધ કરી દીધું છે. આ સિવાય અહીં ૬ હજારથી વધુ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.




## જાફરાબાદ પંથકમાં બનેલી ઘટનાથી સભ્ય સમાજ સ્તબ્ધ

# હાય રે કળિયુગ : શિક્ષકે તેની શાળાની વિદ્યાર્થીની સાથે શરીર સબંધ બાંધ્યો

### ૧૩ વર્ષિય વિદ્યાર્થીનીની છેલ્લા પાંચ માસથી જાતિય સતામણી કરતો હતો

### વિદ્યાર્થીનીનાં જન્મદિવસે તેની સાથે જબરદસ્તીથી શરીર સબંધ બાંધ્યાનો આક્ષેપ

### અન્ય 3 વિદ્યાર્થીનીની સાથે પણ શારીરિક અડપલા કર્યાની ફરિયાદ

### સ્થાનિક પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી આરોપી શિક્ષકની અટકાયત કરી

અમરેલી, તા. ૧૬

શિક્ષણ જગતને શરમાવે તેવો ગંભીર કિસ્સો જાફરાબાદ પંથકમાંથી સામે આવતા ચકચાર મચી ગઈ છે. જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એક શિક્ષક સામે એક ૧૩ વર્ષીય વિદ્યાર્થીની પર છેલ્લા પાંચ માસથી જાતીય સતામણી કરવાનો અને વિદ્યાર્થીનીના જન્મદિવસે તેની સાથે જબરજસ્તીથી શરીર સબંધ બાંધ્યાનો ગંભીર આક્ષેપ થયો છે.



એટલું જ નહીં, અન્ય ત્રણ ત્રણ વિદ્યાર્થીનીની સાથે પણ શારીરિક અડપલાં અને જાતીય સતામણી કરી હોવાની ફરિયાદ નોંધાતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

પોલીસે આરોપી શિક્ષક સામે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં નોંધાયેલી વિગતો મુજબ, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના વેળાવદર ગામના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા રામશંકરભાઈ બટુકભાઈ પંડયા સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આરોપી

અનુસંધાન પાના ૬ ઉપર

## પિતાની મિલ્કતને લઈને મારામારી

# અમરેલીમાં પિતાના બેસણામાં આવેલ બહેન સાથે ભાઈ, ભાભી અને ભત્રીજાની માથાકૂટ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં મરણ ગયેલ પિતાના બેસણામાં પિતાની મિલ્કત માટે સગા ભાઈ અને બહેન વચ્ચે ઝગડો થતાં અને વાત મારામારી સુધી પહોંચતા સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અમરેલીનાં સાવરકુંડલા રોડ ઉપર આવેલ ગુજકો મીલ પાછળ, નગરપાલિકા ડમ્પયાર્ડની પાસે રહેતા રાજુભાઈ ગફુરભાઈ વાઘેલા નામના આરોપીના પિતા મરણ ગયેલ હોય. ત્યારે ગત તા. ૯નાં સાંજના આશરે સાડ છ વાગ્યે તેમના પિતાના બેસણામાં આરોપીના બહેન જયોતિબેન રાજુભાઈ કેશુભાઈ સોલંકી આવેલ હોય. ત્યારે આરોપીને શંકા હોય કે તેમના પિતાજીની મિલ્કત તે જ વિસ્તારમાં રહેતા તેમના બહેન જયોતિબેન રાજુભાઈ કેશુભાઈ સોલંકીને આપી દેવાનો હોય તેવી શંકા રાખી પોતાની બહેનને ગાળો આપી આરોપી કૈલાશબેન રાજુભાઈ વાઘેલા તથા સોનલબેન રાજુભાઈ વાઘેલાએ તેણીને ઢીકાપાટુનો માર મારી આરોપી કમલેશભાઈ રાજુભાઈ વાઘેલાએ પણ તેણીને મોઢાના ભાગે લોખંડનો સળીયો મારી ગંભીર ઈજા કર્યાની પોતાના ભાઈ, ભાભી, ભત્રીજા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

તો આજ બનાવમાં સામાપક્ષો કૈલાશબેન રાજુભાઈ વાઘેલાએ પણ આરોપી કિશનભાઈ રાજુભાઈ વાઘેલાએ કૈલાશબેન રાજુભાઈ વાઘેલાના પતિને પોતાનું ઘર ખાલી કરી દેવાનું કહેતા તેણીના પતિએ કાલે ઘર ખાલી કરી દેવાનું કહેતા સામાવાળા કિશનભાઈ રાજુભાઈ વાઘેલા, જયોતિબેન રાજુભાઈ સોલંકી, જયશ્રીબેન ગફુરભાઈ વાઘેલા તથા રાજુભાઈ કેશુભાઈ સોલંકીએ તેણીના પતિને ગાળો આપી વાળ પકડી ઢીકાપાટુનો મુંઢ માર મારી તથા તેણીને માથામાં પથ્થર મારી ઈજા કરી તથા તેણીના નાના દીકરા કમલેશનું ગળુ પકડી આરોપીઓએ ઢીકાપાટુનો મુંઢ માર મારી ઈજા કર્યાની કૈલાશબેન રાજુભાઈ વાઘેલાએ સામી ફરિયાદ નોંધાવી છે.

## ખેલ મહાકુંભમાં જિલ્લામાં સર્વપ્રથમ સ્થાન

# અમરેલીમાં ડો. કાનાબાર ટેબલ ટેનિસ, બેડમિન્ટન અને લોન ટેનીસમાં પણ પ્રથમ સ્થાને

### જાહેર જીવનની જેમ રમતનાં મેદાનમાં પણ સક્રીય

અમરેલી, તા. ૧૬

લોકોના પ્રશ્નો હોય કે ખેડૂતોની વેદના હોય, રેતી ચોરીનું દૂષણ હોય કે તંત્રમાં ચાલતાં ભ્રષ્ટાચારની બાબત હોય – હરહંમેશ નિભિંકતાથી અવાજ ઉઠાવતા ડો. ભરત કાનાબાર સ્પોર્ટસમાં પણ એટલા જ સક્રિય છે. વાંચન, સંગીતની જેમ રમતગમત પણ તેમનો પ્રિય શોખ છે.

સતત ચાર વર્ષ સુધી ખેલ મહાકુંભની સ્પર્ધામાં ટેબલ ટેનીસમાં જિલ્લામાં ચેમ્પિયન બનનાર ડો. કાનાબારે ત્યારબાદ બેડમિન્ટનમાં પણ ૬૦+ કેટેગરીમાં સતત ત્રણ વર્ષ સુધી અમરેલી જિલ્લામાં ચેમ્પિયન રહયા, એટલું જ નહીં પણ અનિલભાઈ ઠાકર સાથેની તેમની જોડી બેડમિન્ટનમાં ડબલ્સમાં પણ અમરેલી જિલ્લામાં પ્રથમ રહી હતી અને ત્યારબાદ રાજકોટ ખાતે રાજય કક્ષાની ટુર્નામેન્ટમાં બેડમિન્ટનમાં ડબલ્સમાં આ જોડી ચોથા રાઉન્ડ સુધી પહોંચી હતી.

છેલ્લા ૬ મહિનાથી તેમણે લોન ટેનીસ પર હાથ અજમાવ્યો છે. જીંદગીમાં પ્રથમવાર લોન ટેનીસનું રેકેટ પકડેલ પણ જાણીતા કોચ અનિલભાઈ સૈનીના માર્ગદર્શનમાં આ વર્ષે ટેનીસમાં



પણ જિલ્લા ચેમ્પિયન બન્યા છે.

મોટી ઉંમરે બેડમિન્ટન અને ટેનીસ રમવાનું ચાલું કરવા છતાં આ બન્ને રમતોમાં ૬૦+ કેટેગરીમાં સતત વિજેતા બનતા ડો. ભરત કાનાબારે યુવાનો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂં પાડયુ છે.

તેમની આ સફળતા માટે ડો. કાનાબાર પર જિલ્લાભરમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## અજાણ્યા ઈસમોએ તોડફોડ કરી

# બાબરા : ચમારડી ગામે આવેલ જનતા વિદ્યાલયનાં બારી-દરવાજાને નુકસાન

### આચાર્યએ સ્થાનિક પોલીસમાં અરજી આપી

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકાનાં ચમારડી ગામે આવેલી જનતા વિદ્યાલયમાં રાત્રિનાં સમયે શાળાના બારી-દરવાજા સહિતની મિલકતને તોડીને નુકસાન પહોંચાડવામાં આવતાં શાળા સંચાલન દ્વારા બાબરા પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ બનાવની તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા શાળાના આચાર્ય મનિષભાઈ તલસાણીયા દ્વારા માંગ કરવામાં આવી છે.

અમરેલી વિભાગ કેળવણી સંઘ સંચાલિત જનતા વિદ્યાલય, ચમારડીનાં આચાર્ય દ્વારા પોલીસને કરવામાં આવેલી રજૂઆત મુજબ, તા. ૧૪ ઓક્ટોબર અને તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬નાં રોજ સવારે આશરે ૧૦ વાગ્યે શાળામાં તપાસ કરવામાં આવતાં રાત્રિનાં સમય દરમિયાન શાળાનાં બારી-દરવાજા સહિતની મિલકતને તોડી નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું.

શાળાની મિલકતને નુકસાન પહોંચાડનાર વ્યક્તિ કોણ છે અને કયા કારણોસર આ કૃત્ય કરવામાં આવ્યું છે તે હાલ જાણી શકાયું નથી. જોકે, આ ઘટનાને પગલે શાળાનીમિલકતને નુકસાન થવા ઉપરાંત શાળાની સુરક્ષા અંગે પણ ચિંતા ઊભી થઈ છે. રજૂઆતમાં નુકસાનની અંદાજિત કિંમત રૂા. ૩,૦૦૦ હોવાનું જણાવવામાં આવ્યું છે.

શાળાનાં આચાર્યએ પોલીસ સમક્ષ માંગ કરી છે કે આ બનાવની ગંભીરતાથી નોંધ લઈ તપાસ કરવામાં આવે, ઉપલબ્ધ પુરાવાઓના આધારે જવાબદાર વ્યક્તિઓને શોધી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં શૈક્ષણિક સંસ્થાની મિલકતને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ અટકાવી શકાય.

શાળાએ વિદ્યાર્થીઓના ભવિષ્યનાં ઘડતરનું પવિત્ર સ્થાન છે. આવી સંસ્થાની મિલકતને નુકસાન પહોંચાડવાની ઘટના ગંભીર બાબત છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરી જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેનને રજુઆત

# બાબરા : તાલુકાની તમામ ગ્રામ પંચાયતનાં પટ્ટાવાળાને લઘુત્તમ વેતન આપવા માંગ કરાઈ

### વિકાસ કમિશનર કચેરીની સુચનાનું પાલન કરો

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકા ગ્રામ પંચાયતનાં પટ્ટાવાળા કર્મચારીએ સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેનને લેખીતમાં રજુઆત કરેલ છે.

રજુઆતમાં જણાવેલ છે કે, બાબરા તાલુકાનાં ૫૭ ગ્રામ પંચાયત આવેલ હોય અન વર્ગ-૪ પટ્ટાવાળા ગ્રામ પંચાયતમાં કામગીરી વર્ષોથી કરી રહ્યા હોય જે સરકારનાં વિકાસ કમિશનર કચેરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ધ્વારા લઘુતમ વેતન ધ્વારા જોગવાઈ મુજબ ગ્રામ પંચાયત પટ્ટાવાળા વેતન ચુકવા માટે હુકમ કરેલ હોય જેથી તમામ ગ્રામ પંચાયત પટ્ટાવાળા (વર્ગ-૪) લઘુતમ વેતન મળી રહે તે લેવલથી યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## મેન્સ સિંગલ્સ અને મેન્સ ડબલ્સમાં પ્રથમ સ્થાન મેળવ્યુ

# અમરેલીનાં જીત ભાવેશભાઈ મહેતાનું જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં શાનદાર પ્રદર્શન

### એક હાથમાં ડોકટર બનવાનું સપનું અને બીજા હાથમાં રમતગમતની સિદ્ધિ

અમરેલ, તા. ૧૬

અમરેલી જિલ્લાના યુવા પ્રતિભાશાળી ખેલાડી જીત ભાવેશભાઈ મહેતાએ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૬માં ટેબલ ટેનિસની સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને મેન્સ સિંગલ્સ અને મેન્સ ડબલ્સ – એમ બંને વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી બેવડી સિદ્ધિ હાંસલ કરી છે.

જીતની આ સફળતા માત્ર એક રમતની જીત નથી, પરંતુ દઢ નિશ્ચય, સતત અભ્યાસ, શિસ્ત અને સમયના યોગ્ય આયોજનથી જીવનમાં અનેક ક્ષેત્રોમાં સફળતા મેળવી શકાય છે તેનું જીવંત ઉદાહરણ છે. આજના સમયમાં જયાં ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દીની જવાબદારીઓ વચ્ચે યુવાનો માટે રમતગમતને સમય આપવો પડકારરૂપ બની જાય છે, ત્યાં એમ.બી.બી.એસનો ઉચ્ચ અભ્યાસ કરતા જીતે રમતગમત પ્રત્યેનો પોતાનો જુસ્સો અને સમર્પણ જાળવી રાખીને યુવાનો સમક્ષ એક નવી




દિશા રજૂ કરી છે.

ડોકટર બનવા માટે જરૂરી એકાગ્રતા, ધીરજ અને સતત મહેનતની સાથે રમતના મેદાનમાં જરૂરી ચપળતા, આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિનો સુંદર સમન્વય જીતના વ્યક્તિત્વમાં જોવા મળે છે. તેમનું આ ઉદાહરણ જણાવે છે કે સફળતા માટે માત્ર પ્રતિભા પૂરતી નથી, પરંતુ પ્રતિભાને યોગ્ય દિશા આપતી મહેનત, નિયમિતતા અને મક્કમ મનોબળ પણ એટલાં જ જરૂરી છે.

જીતની આ સિદ્ધિ ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ અને યુવાનો માટે પ્રેરણારૂપ છે, જેઓ અભ્યાસની સાથે પોતાની રમતગમતની પ્રતિભાને પણ આગળ વધારવા ઈચ્છે છે. અભ્યાસ અને રમતગમત એકબીજાના વિરોધી નથી યોગ્ય આયોજન, સંતુલન અને સમર્પણથી બંને ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા હાંસલ કરી શકાય છે. અમરેલીની

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)